ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરત

# વહોરા સમાચાર



## અહમદ પટેલ

''નોખી માટીનું અનોખુ વ્યક્તિત્વ''

સ્મૃતિ વિશેષાંક

માહે જમાદિલ અવ્વલ ૧૪૪૨ જાન્યુઆરી - ૨૦૨૧ તંત્રી : મસ્ત મંગેરા



**જ. યુસુફભાઈ આઈ. પટેલ** (સાવાવાલા)
પ્રમુખ

જનાબ અહમદભાઈ પટેલ સાહેબ માટે મર્હુમ શબ્દ લખતાં હાથ ધ્રુજી ઉઠે છે. અહમદભાઈ માત્ર એક વ્યકિત નહોતા કિંતુ તેઓ સ્વયં એક સંસ્થા હતા. તેમની ખોટ કયારેય ભરપાઈ થઈ શકે એમ નથી. સદીઓની સફર પછી આવી કોઈક વિરલ વિભૂતિ જન્મ લેતી હોય છે. આપણા માટે ગૌરવની વાત એ છે કે તેઓ આપણા સમાજના હતા. આપણા સમાજના સાચા શિલ્પી, હમદર્દ, રાહબર, દીર્ઘદ્રષ્ટા, સજજન, શિક્ષણપ્રેમી, રમતપ્રેમી, સમાજના હિતચિંતક, એક મુખ્લિસ અને મૂક સેવક હતા. અહમદભાઈ આપની ખૂબ યાદ સતાવતી રહેશે. મર્હુમ અહમદભાઈ ફકત સંસદ સભ્ય નહીં, પરંતુ અંગત જીવનમાં તેમણે કેટલાય ગરીબો, યતીમો, બેવાઓ, જરૂરતમંદ બિમારો, દુઃખીયારાઓ, મેડીકલ, એન્જીનીયરીંગ તથા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં એડમીશન અપાવવાથી લઈ તેમની ફી ભરવાની ચિંતા પણ તેઓ કરતા હતાં. આપની કાર્યોની મહેંક અખંડ ભારતની આ ધરતી પર સદાકાળ માટે મહેંકતી રહેશે. અલ્લાહપાક આપના અગણિત નેકીના કાર્યોનો બેહતર બદલો જરૂરથી અર્પણ કરશે એવી અમને પૂર્ણ શ્રદ્ધા છે.

**''ગુંજતે રહતે હૈ અલફાઝ મેરે કાનો મેં**
**આપને તો આરામ સે કેહ દિયા, અલ્લાહ હાફિઝ''**



**જ. અહમદભાઈ એમ. ઉનિયા**
ઓન. જન. સેક્રેટરી

મર્હુમ અહમદભાઈ અમારી વચ્ચેથી આમ અચાનક ચાલ્યા જશે એવી કલ્પના કયારેય કરી નહોતી. અમારા પરિવારની પીડા તો અસહય જ હતી, કિંતુ જયારે અસંખ્ય પરિવારે અમને કહયું કે અમે પણ અમારા પરિવારના જ એક મોભી ગુમાવ્યાં છે, ત્યારે ખબર પડી કે અહમદભાઈનું ઘણા પરિવારોમાં પરિવારના એક સદસ્ય તરીકેનું જ સ્થાન હતું. એમના ઈન્તેકાલ પછી જયારે આંખમાં આંસુઓ સાથે લોકોએ એમની પરોપકાર ભાવના અને મદદ કરવાની વાત કરી ત્યારે અમને એવો એહસાસ થયો કે અહમદભાઈ કેટલા બધા પરિવારોના હામી હતા ! મારી દ્રષ્ટિએ મર્હુમ એક રાજનેતા તરીકે, પરિવારના મોભી તરીકે, સમાજના હિતચિંતક તરીકે, લોકનેતા તરીકે, વિનમ્રતાના પર્યાય તરીકે સર્વગુણ સંપન્ન હતા. અલ્લાહપાક ભવિષ્યમાં આપના જેવા કૌમના હમદર્દ આગેવાન તૈયાર કરે તેવી દુઆ કરૂં છું. અલ્લાહપાક આપણને સૌને એમના જીવનમાંથી પ્રેરણા લઈ ઉન્નત જીવન જીવવાની તૌફીક આપે અને અલ્લાહપાક મર્હુમની મગફિરત ફરમાવે આમીન.

**''હજારો સાલ નરગીસ અપની બેનૂરીપે રોતી હૈ**
**બડી મુશ્કિલ સે હોતા હૈ ચમન મેં દીદાવર પૈદા''**

## વહોરા સમાચાર

- **હદીશ શરીફ**

- **તમારામાં સારા લોકો તે છે જે સ્ત્રીઓ સાથે સારી રીતે વર્તે છે.**
- **આળસ એ ઘણાં દુ:ખોનું આમંત્રણ છે.**

- **ચિંતન**

- **એકતા નાના સમુદાયને પણ ટોળું બનાવી દે છે, એકતાનો અભાવ હોય તો મહાન સમુદાયને પણ તોડી નાંખે છે.**
- **મહત્વકાંક્ષાઓ લોહીના સંબંધ પણ તોડી નાંખે છે - ઉપકાર કરનારને પણ ભૂલી જાય છે.**

**અંક : ૦૧**

**માસ: - જાન્યુઆરી -૨૦૨૧**

**માહે: જમાદિલ અવ્વલ ૧૪૪૨**

**તંત્રી : મસ્ત મંગેરા**

- **ખાસ વિચારવું**

પીડા ભોગવનારની આંખમાંથી નીકળતું પાણીનું ફકત એક જ ટીપું દરિયો બની જાય છે

અને

પીડિત વ્યકિતને તદ્દન મામૂલી અપાતી મદદ પણ મોટામાં મોટા પર્વત જેવી બની જાય છે.

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

## ■ તંત્રી સ્થાનેથી...!

### અહમદભાઈ જેવા બીજા અહમદભાઈ આપણને નહીં મળે

**વહોરા સમાચાર**નો આ ૭૧મા વર્ષનો ૧લો અંક છે.

ખબર નહોતી કે આ અંક સમાજની એક મહાન વ્યકિત માટે પ્રસ્તૃત કરવો પડશે.

માનનીય જનાબ અહમદભાઈ પટેલ સાહેબ આપણી વચ્ચે નથી - પરંતુ લોકોના હૃદયમાં હંમેશા બિરાજતા રહેશે. એમના પિતા અને માનનીય ઉનિઆ સાહેબ થકી આપણા સમાજને ઘણી સારી અને સાચી દોરવણી મળી છે.

અહમદભાઈ સમાજ/દેશ માટે ઘણી મૂલ્યવાન વ્યકિતવિશેષ હતા. એમનો નમ્ર, વિવેકી, સૌજન્યશીલ સ્વભાવ, દરેક વ્યકિત માટે સાચી લાગણી ધરાવનાર માણસ મળવો મુશ્કેલ છે.


કોઈપણ પ્રકારના ઘમંડ વગર, હોદ્દો ગમે તેટલો મોટો હોય અને તે વ્યકિત વિવેકવાળી હોય એવું બહુ ઓછું બને છે.

અહમદભાઈ ઘમંડ વગર, ભાર વગર ચોખ્ખું જીવન જીવતા રહયા. કોઈપણ જાતના લોભ, લાલચ વગર સત્તા ભોગવવી એ અશકય કામ એમણે કરી બતાવ્યું છે.

એમના કુટુંબીજનો પર જ નહીં, આપણા સૌના પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત આપે એવી રબ્બુલ ઈઝઝતથી દુઆ માંગીએ. **આમીન.**

છેલ્લે - **હસ્બોનલ્લાહો વને અમલ વકીલ** '

અર્થાત્ અલ્લાહ પાક આપણા સૌ માટે દરેક બાબતે સંપૂર્ણ મદદગાર છે.



■ **મસ્ત મંગેરા(કાંગવઈ)**

તંત્રી, મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા, આંબાવાડી, સુરત.
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ, સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.



મર્હુમ જનાબ અહમદભાઈ પટેલ, આજે તેમના નામની આગળ ''મર્હુમ'' લખતા હાથ કાંપે છે. એ અહમદભાઈ આપણા સર્વેના માનીતા, આપણા સૌના માર્ગદર્શક, કોગ્રેંસના વરિષ્ઠ નેતા, રાજયસભાના સભ્ય, ગુજરાતના પનોતા પુત્ર, સૌના લોકલાડીલા, ઉચ્ચ સ્વપ્ન દ્રસ્ટા, મૃદુભાષી, વ્યવહારૂ, કુશળ, અંકલેશ્વર-ભરૂચ ના વિકાસ માટે સતત પ્રયત્નશિલ, હંમેશ હસ્તા રહેવું, ખાનગી જીવનમાં દિનદાર, નમાઝી વિગેરેએ અહમદભાઈની ઓળખ હતી. મૂળ પીરામણ, તાલુકો અંકલેશ્વર જી. ભરૂચ ગુજરાતના વતની, મૂળે સુરતી સુન્ની વહોરા અહમદભાઈ હવે આપણી વચ્ચે નથી રહયા. ઈન્ના લિલ્લાહી વઈન્ના ઈલયહી રાજેઉન.

**''ખુદાબક્ષ, બહુત સી ખૂબીયાં થી મરનેવાલે મેં''**

આજે અહમદભાઈ માટે ફકત આટલું જ કહી શકું છું કે

યાદ આએગી મેરી વફાએ તુમકો દેખના કદ્ર હોગી તુમકો મેરી મરને કે બાદ

મર્હુમ અહમદભાઈ ઉર્ફે બાબુભાઈ પટેલે દેશની, સમાજની અને સમાજના નાનામાં નાના વ્યકિતની કોઈપણ જાતના ભેદભાવ વગર અને કોઈ પણ જાતની આશા વગર દેખાવથી દૂર રહીને જે સેવાઓ કરી છે તે અકલ્પનીય છે. મીડીયા થી હંમેશા દૂર રહીને અનેક સંસ્થાઓ ને જે મદદ કરી છે એ તમામ સંસ્થાઓ પોતાને આજે અનાથ અનુભવે છે.

**''હજારો સાલ નરગીસ અપની બેનુરી પે રોતી હય**
**બળી મુશ્કીલ સે હોતા હય ચમન મેં દિદાવર પેદા''**

મર્હુમ અહમદભાઈના પિતા નામ મુહમ્મદ ઈસ્હાકજી પટેલ જેઓ પણ ભરૂચ જીલ્લાના જાણીતા સમાજ સેવક હતા, તેઓ કાંતિ પટેલના હુલામણા નામથી ઓળખાતા હતા. મુહમ્મદભાઈ પટેલનો જન્મ પીરામણ (અંકલેશ્વર) ખાતે ૧૯૧૧ માં થયો, તેઓએ ગુજરાતી પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો, પાછળથી સમાજ સેવામાં જોડાયા.

તેઓ ભરૂચ જીલ્લાના કોગ્રેંસના આગેવાન, અંકલેશ્વર સહકારી મંડળીના સ્થાપક અને પ્રમુખ, અંકલેશ્વર તાલુકા સુપરવાઈઝીંગ યુનીયન ના પ્રમુખ, ભરૂચ જીલ્લા સહકારી બેંકના ડાયરેકટર અને અંકલેશ્વર તાલુકા પંચાયતના સભ્ય તરીકે અનેક સંસ્થાઓમાં સેવા આપી. મુહમ્મદભાઈ પટેલ ભરૂચ જીલ્લા વિકાસ બોર્ડમાં સરકાર દ્વારા નિયુકત સભ્ય થયા, જનાબ મુહમ્મદભાઈ પટેલ નું તા. ૧૬-૦૮-૧૯૭૬ માં અવસાન થયું, તેમને પીરામણ ખાતે દફનાવ્યા હતા.

અહમદભાઈ પટેલની માતાનું નામ હવાબેન મુહમ્મદભાઈ પટેલ હતું.

અહમદભાઈ પટેલનો જન્મ ૨૧ મી ઓગષ્ટ ૧૯૪૯ માં પીરામણ, તા. અંકલેશ્વર, જી. ભરૂચ ખાતે થયો, પ્રાથમિક શિક્ષણ ધો. ૪ સુધી પીરામણ ખાતે સરકારી સ્કુલમાં લીધા પછી ધો. ૫ થી હાઈસ્કુલ સુધીનું શિક્ષણ અંકલેશ્વરની ઈ.એન. જીનવાલા હાઈસ્કુલમાં મેળવ્યું, ત્યાર પછી ભરૂચની જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ માંથી B.Sc ની પદવી સાઉથ ગુજરાત યુનીવર્સીટીની મેળવી. કોલેજના સમયમાં પણ અહમદભાઈ વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રીય હતા, ખાસ કરીને ક્રિકેટમાં એક સારા પ્લેયરની નામના મેળવી હતી.

ગ્રેજયુએટ થયા પછી M.S. University વડોદરા થી LLB ની પદવી મેળવી.

૧૯૭૬ માં તેમના લગ્ન 'મૈમુનાબેન' સાથે થયા.




# અહમદભાઇની રાજકીય સફર



- ૧૯૭૬ માં અંકલેશ્વર તાલુકા પંચાયતના સભ્ય
- ૧૯૭૭ માં ૨૬ વર્ષની વયે લોકસભાના સાંસદ
- ૧૯૮૦ અને ૧૯૮૪ માં લોકસભાના સાંસદ
- ૧૯૯૯, ૨૦૦૬, ૨૦૧૧ અને ૨૦૧૭ માં રાજયસભાના સાંસદ
- ૧૯૭૭ થી ૧૯૮૨ સુધી ગુજરાત યુથ કોંગ્રેસના અધ્યક્ષ
- ૧૯૮૩ થી ૧૯૮૪ સુધી AICC માં જોઈન્ટ સેક્રેટરી રહયા.
- ૧૯૮૫ થી ૧૯૮૬ સુધી AICC માં જનરલ સેક્રેટરી રહયા.
- ૧૯૮૫ માં પૂર્વ PM રાજીવ ગાંધીના સંસદિય સચિવ બન્યા.
- ૧૯૮૬ માં ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ બન્યા.
- ૧૯૯૧ માં કોંગ્રેસ વર્કીંગ કમિટીમાં સ્થાન
- ૧૯૯૬ માં AICC ના કોષાધ્યક્ષ બન્યા
- ૨૦૦૦ માં સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર બન્યા
- ૨૦૦૬ માં વકફ સંયુકત સંસદીય સમિતિના સભ્ય રહયા
- ગુજરાત કોંગ્રેસ કમિટીના સૌથી યુવા અધ્યક્ષ બન્યા હતા
- ગુજરાતમાંથી સાંસદ તરીકે ચૂંટાનાર બીજા મુસ્લિમ નેતા હતા.


અહમદભાઈ અંતિમ સુધી રાજયસભાના સભ્ય રહયા, તેમના લોકસભા અને રાજયસભાના ૪૩ વર્ષોમાં તેમણે અનેક કમીટીઓમાં કામગીરી બજાવી પરંતુ મુખ્યત્વે ભારતીય રાષ્ટ્રીય કોગ્રેંસના પ્રેસીડેન્ટ શ્રીમતી સોનીયા ગાંધીના પોલીટીકલ સેક્રેટરીની ભૂમિકા સૌથી મહત્વની હતી, કોગ્રેંસના સંગઠનમાં અહમદભાઈની ભૂમિકા સૌથી વધુ રહી, ખાસ કરીને ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી યુ.પી.એ. સરકારમાં અહમદભાઈની ચાણકયની ભૂમિકા રહી. તેઓને ''સંકટ સમયની સાંકળ'' તરીકે ઓળખતા જયાં-જયાં કોગ્રેંસમાં તકલીફ થાય ત્યાં-ત્યાં અહમદભાઈ જ ટ્રબલશુટર તરીકે ફરજ નિભાવતા.

૨૦૧૮ થી કોગ્રેંસના ટ્રેઝરરની ફરજ પણ નિભાવી હતી.

અહમદભાઈ એ કોગ્રેંસમાં મજબુત ગુજરાતી તરીકે ૪૩ વર્ષ સામ્રાજય કર્યું.

પોલીટીકલ જીવન સાથે અહમદભાઈ ઘણી બધી સામાજીક સેવાભાવી સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હતા.

## ખિરાજે અકીદત



## મર્હુમ જનાબ અહમદ મહમદ પટેલ
## તા: ૨૫/૧૧/૨૦૨૦

દેશના લોક લાડીલા નેતા, ગુજરાતના પનોતા પુત્ર, સોનીયાજીના રાજકીય સલાહકાર, કોગ્રેસના કદાવર નેતા (ચાણકય), વહોરા સોસાયટી, સુરતના મેનેજીંગ ટ્રસ્ટી, રાજય સભાના સભ્ય, **મૂળ પીરામણ** ગામ (જી.ભરૂચ) ના વતની અને સમગ્ર કૌમના નિસ્વાર્થ મુખ્લીસ હમદર્દ **જનાબ અહમદભાઇ મહમદ પટેલ સાહેબ**નો **તારીખ ૨૫/૧૧/૨૦૨૦** ના **બુધવાર**ના રોજ **દિલ્હી** ખાતે દુ:ખદ ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)** એમની દફનવિધી **તારીખ ૨૬-૧૧-૨૦૨૦** ના **જુમેરાત**ના રોજ **પીરામણ** મુકામે કરવામાં આવી છે.

જનાબ અહમદભાઇ પટેલ સાહેબએ પોતાનું સમગ્ર જીવન કોગ્રેસ પક્ષ માટે રાજનિતીમાં પ્રવૃત્ત રહેવા સાથે ઉધોગો, સહકારી સંસ્થાઓ, સહકારી મંડળીઓ, રેલ્વે પ્લેટફોર્મ્સ, રેલ્વે સ્ટોપેજીસ, નેરોગેજ, બ્રોડગેજ રેલ્વે લાઇનો નર્મદા નદી પરના મોટા રીવર બ્રીજ, રેલ્વે ગામડા-શહેરના જોડતા ઓવર બ્રીજો, ચેરીટેબલ ટ્રસ્ટો, મસ્જીદો, મંદિરો, ચર્ચો, ગુરૂદ્વારાઓ, મદ્રેસાઓ, સ્કુલો, કોલેજો, બેંકોથી માંડીને સ્મશાનો, કબ્રસ્તાનો જેવા અસંખ્ય ધાર્મિક, સામાજીક, સાર્વજનિક અને શૈક્ષણિક સંસ્થાઓને કોઇપણ જાતના ભેદભાવ વગર અમુલ્ય સેવાઓ આપી હતી.

મર્હુમ અહમદભાઇ ફકત સાંસદ સભ્ય તરીકે જ નહીં પરંતુ અંગત વ્યકિત તરીકે પણ કેટલાયે ગરીબો, યતીમો, બેવાઓ, જરૂરતમંદો અને દુ:ખીયારાઓના હામી હતા.

એઓ હંમેશા સંઘર્ષના સમયે માર્ગદર્શકની ભુમિકા અદા કરનાર વફાદાર, ઇમાનદાર, કદાવર, માનવતાવાદી, ખિદમતના મેદાનમાં બિનહરીફ સાચા પ્રજા સેવક દિગ્ગજ રાજનેતા અને ખાદિમે હિંદ હતા.

એમની ચિર વિદાયથી આપણી વહોરા સોસાયટી સહિત સમગ્ર કૌમ, સમગ્ર સમાજ અને દેશે કદી ન પુરાય શકે એવા એક સાચા રેહબર ગુમાવ્યા છે. જેની ખોટ સદીઓ સુધી પુરી શકાય એમ નથી.

અલ્લાહપાક એમણે કરેલી સેવાઓ, ખિદમાતો અને એમની સહાદતને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો આપી જન્નતુલ ફિરદોસમાં આલા મકામ અતા ફરમાવે અને તમામ કુટુંબીજનોને સબ્રેજમીલ અતા ફરમાવે. **આમીન.**

**વહોરા સોસાયટીના તમામ કાર્યકરો તથા વહોરા સમાજનો સમગ્ર પરિવાર એમના દુ:ખમાં સહભાગી છે.**







**Mr. Faisal A. Patel**
(Son of Late Ahmedbhai Patel)

Assalamu Alaikum w.w.

From the death of My Father to till date, Hundreds of people send their condolence towards my family through various mediums. I am very much thankful to all of you to give my family unforgettable direct and indirect supports in this dark moments of our life.

I am heartily sorry for not being to able to respond immediately especially on Whatsapp. Somehow our family life is going to much slowly in this days. Please pray for my Papa, May Allah grants him Jannatul Firdous. In Sha Allah. (Aameen)



**Mrs. Mumtaz Patel Siddiqui**
(Daughter of Late Ahmedbhai Patel)

Ahmed Patel, Known to the world as a powerful man, a political strategist, a king maker but for me he was simply PAPA.

A Pious , simple man with simple needs, the kind of austerity he lead his life with is an inspiration. Ever since childhood, the values he instilled in us showed the kind of man he was. Unmoved, unfazed with his rising importance, we barely knew as we were growing up the kind of power and sway he held.

I can only recall the man he was at home , eating basic home cooked meals at very odd hours depending on his work timings and then making sure he completed his daily salah and his regular reading of the Quran. As a child I was very fascinated to see him taking out his Quran from a special bag and reading for hours on train journeys because he had no one to disturb him. Sometimes I used to get irritated waiting to speak to him during namaz because his Nafls would be never ending.

But over the year's I slowly learnt the discipline of blending our religion and culture and at the same time go about our worldly chores.

He always told us do not fly high , learn to be low profile, talk less. These were the habits he lead his life with and we have tried to imbibe some of it. But he was 'SPECIAL', he was 'ONE OF A KIND' and it's very tough for anyone to be like him.

We always knew that he helped the needy but it was only after he passed away we realized the kind and number of lives he had touched and how his goodwill radiates around. We realized that it was not only us but the millions that lost a father like figure and their pillar of support and are equally in pain and grief.

We are blessed to be born to a man like him and we hope to carry forward the kind of work he did for the marginalized society and someday wherever he is we pray that he will be proud of my brother Faisal and I.

May Allah (Swt) grant him the highest place in Jannatul Firdaus.

જનાબ અહમદભાઈ પટેલ સાહેબના નામની આગળ મર્હુમ શબ્દ લગાડવાની હિમ્મત એકઠી કરી શકયો નથી. આપનો હસમુખો ચહેરો, પારદર્શક વ્યકિતત્વ અને નિખાલસ હૃદયવાળો માણસ જડવો મુશ્કેલ જ નહિ અશકય છે. મર્હુમનું કદ એટલું ઊંચુ હતું કે આપણે કદાચ એ કદની ગરિમા એમનાં વ્યકિતત્વના આધારે જાળવી ન શકયા, કારણ કે એમણે કયારેય એવી પ્રતિતી નથી કરાવી કે મારૂં શું સ્થાન છે ? સામાન્યથી સામાન્ય માણસ પણ એમને સરળતાથી મળી શકતો, એમની આગળ જઈને પોતાની વ્યથા ઠાલવી શકતો, બેધડક રજૂઆત કરી શકતો. આપની સાદગી અને સરળ સ્વભાવ કોઈપણ વ્યકિત પર ઘેરી છાપ છોડી શકતો હતો. આપના કાર્યો, સમાજ માટે આપનું યોગદાન એ કાયમ માટે યાદ રહેશે. હું આપના હકમાં આખિરતની કામ્યાબી માટે દિલોજાનથી દુઆ કરૂં છું.

**પા શકેંગે ન ઉમ્રભર જીસકો,**
**જુસ્તજુ આજ ભી ઉસીકી હૈ.**




**જ. મહમદ એમ. ભાણા પટેલ**
જોઈન્ટ સેક્રેટરી
(દક્ષિણ વિભાગ)

**''ઝમાના બ્હોત શોખ સે સુન રહા થા**
**હમહી સો ગયે દાસ્તા કેહતે કેહતે''**

જનાબ અહમદભાઈ પટેલની વર્ષોથી અવિરત અને મુક સેવાનો અંદાઝ કાઢવો મુશ્કેલ જ નહીં પરંતુ મુમકીન જ નથી. તેમની અત્યાર સુધીની રાજકીય સફર જ નહીં, પરંતુ સામાજીક અને શૈક્ષણિક બહુમુલ્ય સમાજ ઉપયોગી સેવાનો પડછાયો હવે હરહંમેશ માટે આ દેશને અને દરેક સમાજને સતાવતો રહેશે. અમારા સાથેના પારિવારીક સંબંધો અમારા પુરતા જ મર્યાદિત ન હતા, પરંતુ આખી દુનિયા અને આખા દેશના દરેક પરિવારોના જનાબ અહમદભાઈ પટેલ એક બહુમુલ્ય સભ્ય હતા. તમામ સમાજના અને તમામ ક્ષેત્રમાં હંમેશા શિક્ષણ પ્રત્યેનો પ્રેમ જગાવવામાં એમને હંમેશા ઉંડો રસ રહેતો હતો. અલ્લાહપાક મર્હુમની તમામ ક્ષેત્રની મુખ્લીસ ખિદમતને કબુલ ફરમાવી જન્નતુલ ફિરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. આમીન.

**જીંદગી યૂં હુઈ બસર તન્હા**
**કાફિલા સાથ ઔર સફર તન્હા**




**જ. ઈકબાલ એસ. ઉનીયા**
ઉપપ્રમુખ
(દક્ષિણ વિભાગ)





અહમદભાઈ પટેલ સાહેબ સાચા અર્થમાં કૌમના ખૈરખ્વાહ હતા. કૌમના રાહબર, મોહસીન અને કૌમની ફિકર કરનારા એક નેકદિલ માણસ હતા. તેઓ હંમેશા દંભ, અભિમાન અને રિયાકારીથી દૂર રહેતા. તેઓ દરેક જગ્યાએ હોય, અનેક સ્થળોએ, પ્રસંગોમાં કે ઘટનાઓમાં તેમનું યોગદાન હોય છતાંય કયાંય દેખાય નહિ. તેમનામાં મેં કયારેય પણ પ્રસિધ્ધીની ખેવના જોઈ નથી. ઉંચાઈઓ પર પહોંચીને આવી સાદગી અને નમ્રતા ભાગ્યે જ કોઈક વ્યકિતમાં જોવા મળે, જે તેમનામાં હતી. તેમની વાતોમાં સચ્ચાઈની ઝલક જોવા મળતી. શિષ્ટાચાર, વિવેક અને સજજનતાના કારણે આપનું વ્યકિતત્વ ખૂબ દિપી ઉઠતું. આપણા સમાજની ભાગ્યે જ કોઈ એવી સંસ્થા હશે જેમાં અહમદભાઈએ માર્ગદર્શન, મદદ કે યોગદાન ન આપ્યું હોય. આજે સમાજ યતીમ થઈ ગયો છે. આપણા સમાજમાં આ પ્રકારનો આંતરરાષ્ટ્રીય લીડર આપણી વચ્ચે જન્મે, કાર્યો કરે, આપણા પ્રશ્નોને વાચા આપે, આપણા ખભા સાથે ખભો મિલાવે એ સાચે જ ઐતિહાસિક ઘટના લેખાય. આપણે સૌ ખુશકિસ્મત છીએ કે આપણે એમનો દૌર જોયો છે, એમને મળ્યા છીએ, એમને સાંભળ્યા છે ! જયારે જયારે પણ સમાજનો ઈતિહાસ લખાશે 'અહમદભાઈ પટેલ સાહેબ' નું નામ જરૂરથી સુવર્ણ અક્ષરોએ લખાશે. હું આપની કાર્યશૈલીને હૃદયપૂર્વક બિરદાવું છું અને આપના હકમાં દુઆઓ ગુજારૂ છું.

**''મિટા દે અપની હસ્તી કો**
**અગર તૂ મરતબા ચાહે**
**કિ દાન ખાક મેં મિલકર**
**ગુલેગુલજાર હોતા હૈ''**



**જ. મેહમુદ હૈદર વોરાજી**
જોઈન્ટ સેક્રેટરી
(મધ્ય વિભાગ)

જનાબ અહમદભાઈ છેલ્લા ઘણા વર્ષોથી દેશની તમામ સમાજની અવિરત સેવા કરતા રહયા હતા. પ્રખર શિક્ષણ પ્રેમી અને તેમની શિક્ષણ પ્રત્યેની સજાગતા કારણે જ આજે ગુજરાત અને દેશના મોટાભાગના વિસ્તારમાં સારી શાખાઓ થકી દરેક કોમના યુવાનોને સારામાં સારૂં શિક્ષણ પ્રાપ્ત થઈ શકયુ. જનાબ અહમદભાઈ પટેલ દ્વારા દેશના ઘણા વિસ્તારોમાં કે જયાં મેડીકલ અને સારી તબીબી સેવા ન હતી ત્યાં પણ એમણે પ્રાથમિક તબીબી સેવાથી લઈ અત્યાધુનિક તબીબી સેવા ઉપલબ્ધ કરાવી. અહમદભાઈ પટેલના આ તમામ નેક ઈરાદાના કાર્યો દેશના તમામ સમાજના લોકો માટે વર્ષો સુધી લોકોના દિલમાં ખુશ્બુ ફેલાવતા રહેશે. અલ્લાહની પાકઝાતથી ઉમ્મીદ છે કે અલ્લાહપાક આપની તમામ નેકદિલી સેવાઓને કબુલ કરી જન્નતુલ ફિરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. આમીન.

**નહીં તેરા નશેમન કસ્ર-એ-સુલ્તાની કે ગુંબદ પર**
**તૂ શાહીં હૈ બસેરા કર પહાડોં કી ચટાનોં મેં**



**જ. આદમ આઈ. પાંચભાયા**
જોઈન્ટ સેક્રેટરી
(ઉત્તર વિભાગ)

# A Tribute

Ahmedbhai and I both hail from Gujarat. Our ancestral villages are just 15 kilometers apart. But, we only came to know each other and develop a friendship many years later. It became a friendship I valued, and one that I will miss dearly.

I first saw him in action in the 1960s – speaking at a public meeting in Bharuch – when I was home on summer vacation while in medical school. His skill as an orator was apparent and it was clear in that moment that he would go on to achieve greatness and become a beacon for the community.

We met for the first time only around 18 or 19 years ago, when my wife, Farida, and I were in Delhi on our way to Darjeeling. Our families had dinner together, and he made us feel so comfortable and welcome.

As Farida and I started spending more time in India, we started seeing Ahmedbhai and Memunabein more often and became closer, even going on vacation together ... to Kashmir, Shimla, Rajasthan. In spending time with him, I came to see his unique qualities. On our way to Ranthambhor - Tiger Safari, he consoled a train attendant struggling with the death of his father.

At his home, he never refused to meet with anyone. I remember we once returned to his home at 2:00 in the morning after having seen a movie, and there was a crowd of people waiting at the gate to talk to him. He stepped out of the car to greet them and listen to them, giving them all of his attention. Even offering them tea. It was remarkable.

He would also invite people into his home when they needed help. They would explain their problems, at times, going on and on, but Ahmedbhai would sit silently and not interrupt. When I first saw this, it took me aback, as I couldn't believe how much time he was giving them. I asked him about it, and he told me that he came to learn that people often reveal solutions themselves when describing their problems, so it was always important for him to hear them out before offering guidance.

He introduced us to Presidents, Prime Minister, Politicians and Industrialists and Bureaocrats. During those interactions it was evident that he commanded their deep respect.

In seeing him in all of these different ways, I saw he was patient, kind, and






respectful of everyone, no matter their position or status. They mattered, and his concern for them was genuine. His compassion and intellectualism made him admired by all, a counselor to both the common man and people in power.

To his family, Memunabein, Faisal and Mumtaz, I would like to offer my condolences on their loss, and I share your pain. This is the nizam of Allah (SWT), everyone who comes from him, returns.

I am reminded of a couplet of Zauk -

"laayi hayaat aaye, kazaa le chali chale
apni khushi na aaye, na apni khushi chale"

Between birth and death, Allah (SWT) gives us a period of time to live on this Earth with a purpose, and I believe Ahmedbhai spent his time serving the community at large, putting service before self. We all benefitted because of him. He will be missed and will forever be in our hearts, and will remain with us as an inspiration for many.



**Dr. Yakub M. Gangat**
(U.S.A.)

# A Tribute

I have known Ahmedbhai since childhood, as he is related to my Bhabhi. But, then I got married and left India, and we lost contact. So, when my husband Yakub, became friends with him so many years later, it was nice to reconnect and be able to remember old times.

I know that serving the community meant so much to him. He taught his children the importance of public service. I'm very proud to see that Faisal and Mumtaz are following their father's footsteps and working on social issues to improve the lives of others. May Allah bless them both.

Ahmedhbai is a role model not only for his children and grandchildren but for young people everywhere. My condolences to Margo, Faisal, Mumtaz and their extended family. I feel your pain. May Allah (SWT) grant him the highest place in Jinnah and sabr to all of you.

**Mrs. Farida Y. Gangat**
(U.S.A.)

# ખિરાજે તહસીન

હું અને અહમદભાઈ બન્ને ગુજરાતવાસી છે. અમારા પૂર્વજના ગામો ફકત ૧૫ કિલોમીટરના અંતરે છે. તેમ છતાં મારી અને અહમદભાઈની ઓળખાણ ઘણાં વર્ષો પછી થઈ અને ધીમે ધીમે ઓળખાણ મિત્રતામાં પરિણામી. આ મિત્રતા કે જેની હું કદર કરું છું અને હંમેશ માટે યાદ રાખીશ.

મેં. સૌપ્રથમ અહમદભાઈને ઈ.સ. ૧૯૬૦ માં ભરૂચ ખાતે જાહેરસભામાં જોયા. તે ગાળામાં હું મેડિકલ સ્કૂલના ઉનાળુ વેકેશન માટે ઘરે હતો. તેમની વકતૃત્વકળા અદ્‌ભૂત હતી અને એ નકકી જ હતું કે અહમદભાઈ ભવિષ્યમાં ઘણી ઊંચાઈને આંબી જશે અને આદર્શ વ્યકિત તરીકે સમાજમાં ઉભરી આવશે.

અમારી પહેલી મુલાકાત આશરે ૧૮-૧૯ વર્ષ પહેલા દિલ્હી ખાતે થઈ જયારે હું મારી પત્નિ ફરીદા સાથે દાર્જિલીંગની સફરમાં હતો. અમારા બંને પરિવારે સાથે ડિનરની મજા માણી અને તે દરમિયાન અહમદભાઈએ ઉષ્માપૂર્વક મહેમાનગતી કરી.

જેમ જેમ મારી અને ફરીદાની ભારતની મુલાકાત વધતી ગઈ તેમ તેમ અમે અહમદભાઈ અને મેમુનાબેનના વધારે નજદિક આવી ગયા. અમે સાથે ઘણા બધા સ્થળોએ પ્રવાસ આયોજન પણ કર્યું જેમ કે કાશ્મીર, સીમલા, રાજસ્થાન. તેમની સાથેની નિકટતા દરમિયાન મને તેમના અનન્ય ગુણોની જાણ થઈ. અમારી રણથંભોર-ટાઈગર સફારીની મુલાકાત દરમ્યાન અહમદભાઈએ એક ટિકિટ ચેકર કે જે પોતાના પિતાના મૃત્યુનાં આઘાતમાં હતો તેને સાંત્વના આપી. અહમદભાઈએ પોતાના ઘરે કયારેય કોઈને પણ મુલાકાત માટે ના પાડી નથી, મને બરાબર યાદ છે એક વખતે જયારે અમે સાથે સવારે ૨-૦૦ કલાકે ફિલ્મ જોઈને ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે ઘરના દરવાજા પાસે લોકોનું ટોળું અહમદભાઈ સાથે મુલાકાતની રાહ જોઈ ઉભેલું હતું. અહમદભાઈએ કારમાંથી ઉતરીને બધાને આવકાર્યા અને ધ્યાનપૂર્વક સાંભળ્યા. અહમદભાઈએ બધાને ચાની પણ ઓફર કરી અને અદ્‌ભુત દ્રશ્ય હતું.

જયારે પણ કોઈપણ વ્યકિતને મદદની જરૂર હોય ત્યારે અહમદભાઈ તેઓને ઘરે આવકારે છે. જયારે લોકો પોતાની સમસ્યા લંબાણપૂર્વક રજૂ કરે છે ત્યારે અહમદભાઈ દખલગિરી કર્યા વિના શાંતિપૂર્વક સાંભળે છે. જયારે મેં આ દ્રશ્ય જોયું ત્યારે મને ધ્રાસકો લાગ્યો અને મને વિશ્વાસ નહીં થતો હતો કે અહમદભાઈ પોતાના કિંમતી સમય લોકોને સાંભળવામાં આપી શકે છે. જયારે મેં અહમદભાઈને જિજ્ઞાસાપૂર્વક પૂછયું તો અહમદભાઈએ મને કહ્યું કે એમના અનુભવ પરથી એમણે જાણ્યું કે લોકો પોતાની સમસ્યાના રજૂઆત દરમિયાન જ એનો ઉકેલ મેળવી લે છે. તેથી લોકોને માર્ગદર્શન આપતા પહેલા તેમની સમસ્યાઓને ધ્યાનપૂર્વક સાંભળવું જરૂરી છે.

અહમદભાઈએ અમારી મુલાકાત પ્રેસિડન્ટ, પ્રાઈમ મિનિસ્ટર, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ તેમજ બ્યુરોક્રેટસ સાથે કરાવી. આ પારસ્પરિક મુલાકાત દરમિયાન સ્વાભાવિક રીતે દરેક વ્યકિત અહમદભાઈને ખૂબ આદર અને સમ્માન આપતા હતા.

આ દરેક પ્રસંગમાં તેમના અલગ અલગ






સ્વરૂપ જોઈને હું નિષ્પક્ષ ભાવે કહી શકું કે અહમદભાઈ ધૈર્યશીલ, દયાળુ તેમજ વ્યકિતની પદ અને મોભાને જોયા વગર એકસમાન આદર આપતા હતા. અહમદભાઈ માટે દરેક વ્યકિત ખાસ હતા અને તેમના પ્રત્યે અહમદભાઈની લાગણી સાચી હતી. નાનામાં નાની વ્યકિતથી લઈને મોટામાં મોટી વ્યકિત દરેક જણ એમન કરૂણા તેમજ બુદ્ધિશીલતાના પ્રશંસક હતા.

અહમદભાઈના પરિવાજનો, મેમુનાબેન, ફૈજલ અને મુમતાઝ બધાને તેમના દુઃખદ અવસાન બદલ સાંત્વના આપું છું. કુર્આન શરીફની આયત મુજબ દરેક જણ અલ્લાહ તરફથી છે અને અલ્લાહ તરફ જ પરત જવાના છે.

મને એક પંકિત યાદ આવે છે :

“ લાયી હયાત આયે, કઝા લે ચલી ચલે,
અપની ખુશી ના આયે, ના અપની ખુશી ચલે ”

જીવન અને મૃત્યુની વચ્ચે, અલ્લાહ આપણને એક મકસદથી દુનિયામાં જીવવા માટે સમય આપે છે અને હું માનું છું કે અહમદભાઈએ પોતાની જિંદગી પોતાના પહેલા સમાજના લોકો માટે જીવી. આપણને બધાને તેમની સેવાનો લાભ મળ્યો. તેઓ હંમેશ માટે આપણી યાદોમાં અને હૃદયમાં રહેશે તેમજ હંમેશા માર્ગદર્શન આપતા રહેશે.



**ડો. યાકુબ એમ. ગંગાત**
(યુ.એસ.એ.)

# ખિરાજે તહસીન

અહમદભાઈને હું બચપનથી મારી ભાભીના સંબંધી હોવાને નાતે ઓળખતી હતી. તે પછી મારા મેરેજ બાદ મેં ભારત છોડયું અને અમારો સંપર્ક તૂટી ગયો. ઘણા વર્ષો પછી જયારે મારા પતિ યાકુબ અહમદભાઈના મિત્ર બન્યા ત્યારે તેમને ફરીથી મળવાની અને જૂની યાદો તાજી કરવાની ખુશી થયેલી.

હું માનું છું કે તેમના માટે સમાજ સેવા જ સર્વોપરી હતી. એમણે પોતાના સંતાનોને પણ સમાજસેવાની મહત્વતા સમજાવી. મને ગર્વ થાય છે કે ફૈઝલ અને મુમતાઝ પણ તેમના પિતાના નકશે કદમ પર આગળ વધી સમાજ સેવાનું કાર્ય અવિરત ચલાવી રહેલા છે. અલ્લાહ બંનેને સુખી રાખે.

અહમદભાઈ ફકત તેમના સંતાનો માટે આદર્શરૂપ ન હતા પરંતુ દરેક યુવાન માટે પણ માર્ગદર્શક હતા. હું ફૈઝલ, મુમતાઝ અને પરિવાજનોને મારી સાંત્વના વ્યકત કરું છું અને હું તેમનું દર્દ સમજી શકું છું. અલ્લાહ અહમદભાઈને જન્નતમાં ઊંચામાં ઊંચો દરજજો આપે અને આપણને બધાને સબ્ર આપે. આમીન.


**મીસીસ ફરીદા વાય. ગંગાત**
(યુ.એસ.એ.)

Mr. Ahmedbhai Patel Sahib

I was shocked to learn the death of Ahmedbhai few weeks ago.--kalu inna-------. Pray ALLAH he gets the best place in Jannat.

I am living in U.K. for 59 years and I never had opportunity to know him personally. I met him few times in functions. In this meeting I always found him very simple, educated, sincere honest person, he met ordinary people with respect --really down to earth person, who went an extra mile to help any person who asked his help. On a personal level when Hajee D. M. Lockhat Hospital opened in Kathor in January 2011, he was going to attend to do the opening ceremony, but unfortunately last moment due other urgent work he could not attend but he sent his friend Mr. Trivedi--the then Health Minister in Govt. Of India. . Ahmedbhai has helped financially to Lockhat Hospital--Kathor, and other organizations of Kathor on number of occasions from his quota of Community Development Fund.

Having born in normal family in small village, For 'us' even to be elected to Local Gram panchayat Council is a big prestigious honour, Ahmedbhai with his hard, honest sincere work went rapidly in stages and reach the top--and ended up as M L A - M P in Indian Parliament.. And because of his trustworthy, friendly nature became confidant of Gandhi family--and became public face of Gandhi Family. His death is a great loss to our community and MUSLIM SAMAJ in general. For years to come he will be a 'role' model for our youth. I think he was the first and only person who became M.P. from our community.



**Dr. M.D. Lockhat**
NUNEATON, U.K.

Asslamualaikum W. W.

Mr. Cassim Ginwala And Family. From Prerston, Lancs. Uk-kosad. Gujarat, India Hajee Mahmud Late Yusuf Amirat And Hajyani Zaibunnisha M Amirat And Amirat Family At -aungban-myanmar, India, Canada Rest Of World Offer Heartfull, Deeply Offer Condolence Recent Death Of Your Brother-in-law Mr. Ahmed. Patel-piraman-gujrat- India And Deeply Sympathy Your Sister, Firoz, Mumtazand Rest. Offer Dua Allah Grant Murhum Ahmed Bhai Patel Jaanat Firdsosh. Ameen. Summa Ameen.

Marhum Janab Ahmed Patel Sb. From Small Village Piraman To Capital Delhi And Progressed Pillar Of Congress Party And Activly Strategy Supported 3 Generation Gandhi Families.


Activly Supported Diverse Communities / Projects Manidirs / Masjids In Short Late Ahmed Patel Was A Uniq Person. Ameen.

**Mr. Cassim Ginwala**
(U.K)





મર્હુમ અહમદભાઈ પટેલ સાહેબ ના દુઃખદ ઈન્તેકાલની ખબર સાંભળી દિલ સ્તબ્ધ થઈ ગયુ. અહમદભાઈ છેલ્લા શ્વાસ સુધી દેશની અને લોકોની સેવા કરતા રહયા. આવા નિખાલસ, નમ્ર અને સજજન માણસના જવાથી આપણા સમાજને ઘણી મોટી ખોટ લાંબા સમય સુધી રહેશે, અહમદભાઈ સાથે ઘણી મુલાકાતો થઈ એમના જેવી વાતો, સાદગી, નમ્ર સ્વભાવ અને લાગણીવાળી વ્યકિત હવે મળવી મુશ્કેલ છે. હોદ્દાની કદી પરવાહ ન કરનાર, તહજજુદ ગુજાર, અમર વ્યકિતત્વ ધરાવનાર અને જીવનના અંતિમ શ્વાસ સુધી દેશ અને સમાજના હીતમાં બેનમુન કાર્ય કરનાર, ગરીબોના બેલી હતા. બસ એમની યાદ આપણી સાથે રહે અને અલ્લાહપાક એમની મગફીરત કરે અને એમના ખાનદાનને સબ્રે જમીલ આપે. આમીન.



**જ. મહમદભાઈ કાસમ સબાત**
(યુ.કે.)

This is Ibrahim Wadiwala from Houston, Texas, U.S.A.

Mr. Ahmadbhai was a great person, kind and humble.

I never showed anyone like him in the pass, present and ever in feature.

Three years ago I invited him as a guest in America and he excepted it.

My family and myself are making dua for magferah, Allaah grant him Jannatul firdos and give sabre jameel to his wife son Faisal, daughter Mumtaz and other family members and friends. Aameen.




**Mr. Ibrahim Wadiwala**
(U.S.A.)

**મૌત પર ઈબરત યે કેહતી હૈ અહમદ**
**આદમી ઝીંદા ભી રેહ સકતા હૈ મરને કે બાદ**


મર્હુમ અહમદભાઈ પટેલ સાહબના ઈન્તેકાલના સમાચાર વાયુવેગે પુરી દુનિયામાં ફેલાતા જાણી અનહદ દુઃખી થયો. આપણા સમાજે એક ગૌરવશાળી વ્યકિત ગુમાવ્યો છે જેની ખોટ કદી ભરપાઈ થઈ શકે એમ નથી.

મર્હુમ અહમદભાઈની મુલાકાત આપણી સોસાયટીના કોસંબા ખાતેના અધિવેશનમાં થઈ. આટલા ઉચ્ચપદ પર હોવા છતાં એમની સાદાઈ, એમના અખ્લાક અને એમની જીવનમાં ઉતારવા જેવી વાતો સાંભળી એમને સલામ કરવાનુ મન થાય. એમની આ મુલાકાત જીવનમાં હંમેશા યાદ રહેશે. આવા નમ્ર ખિદમત ગુજાર અને માનવતાવાદી સજજનના જવાથી આપણી સમગ્ર કૌમ યતીમ થઈ ગઈ છે. એમની સેવા, એમની કુર્બાની, કૌમ માટેની હમદર્દી હંમેશા યાદ રહેશે. અલ્લાહપાક એમની મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મકામ અતા ફરમાવે અને એમના કુટુંબીજનોને સબ્રેજમીલ અતા ફરમાવે. આમીન.



**જ. અહમદભાઈ ઈસ્માઈલ વાવડા**
(યુ.કે.)

અહમદભાઈ પટેલ વિશે શું લખું ? એમના વિશે લખવા માટે આપણે પણ એમના જેવા બનવાનો ઈરાદો કરવો જોઈએ. આપ સમાજનું મોંઘેરૂ રત્ન સમા હતા. સમાજ અને રાષ્ટ્ર માટે આપ કેટલું મહત્વનું સ્થાન ધરાવતા હતાં તે હવે એમના ગયા પછી આપણને સમજાશે. આપ શિક્ષણ પ્રેમી, સેવાભાવી, રમત પ્રેમી અને નિખાલસ ઉમદા વ્યકિતત્વ ધરાવતા નેકદિલ ઈન્સાન હતા. અલ્લાહપાક આપની કબ્ર મુબારકને નૂરથી મુનવ્વર ફરમાવે અને જન્નતુલ ફિરદૌસમાં આપને ખુબ ઊંચો મકામ અતા ફરમાવે એવી દિલથી અલ્લાહપાકની બારગાહમાં દુઆ ગુજારૂં છું. આમીન.



**જ. ઈકબાલભાઈ બાંગી**
(દુબઈ)


મર્હુમ અહમદભાઈ પટેલ સાહેબ એક મુખલીસ, કૌમના હમદર્દ અને રાજનિતિમાં એક પાયાના પત્થર હતા. એમની કામ કરવાની અદા, સલાહીયત અને કોઈપણ જાતના ભેદભાવ વગર એમની સેવા કરવાની છટા અલ્લાહપાકે એમના અંદર આપેલી હતી, જેનાથી એમનું વ્યકિતત્વ અલગ જણાઈ આવતુ હતુ. એમના ઈન્તેકાલથી સમાજે એક કાબેલ સજજન ગુમાવ્યા છે એમની ખોટ કાયમ રહેશે, સમાજ અને દેશની કરેલ સેવાઓ બદલ લોકો હંમેશા એમને યાદ રાખશે. હું ગર્વથી કહું છું કે અહમદભાઈ તો એમની જીંદગી જીવી ગયા અને જબરદસ્ત વિજય મેળવી ગયા. એમના જીવનથી આપણે બોધપાઠ લેવાનો છે અને અલ્લાહથી દુઆગો છું કે અલ્લાહપાક એમની મગફીરત કરી જન્નતમાં આલા મુકામ અતા ફરમાવે અને આપણને અને એમના કુટુંબીજનોને સબ્રેજમીલ અતા ફરમાવે. આમીન. અંતમાં આટલા ઉમદા વિચારો રાખનાર આ મહાન વ્યકિત હંમેશા યાદ રહેશે.



**જ. અબ્દુલહયભાઈ પટેલ**
(કેનેડા)

જનાબ અહમદભાઈ પટેલ સાહબના ઈન્તેકાલના સમાચાર સાંભળી ઘણું જ દુઃખ થયું. આપણા સમાજે એક ઉચેરો વડીલ ગુમાવ્યો જેની ખોટ સદીઓ સુધી રહેશે એમણે સમગ્ર ભારત સહીત દક્ષિણ ગુજરાતની અનેક સાર્વજનિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકીય ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે ઘણી સુંદર સેવાઓ અને મદદો કરી છે.


સ્વભાવે નરમ અને બુંલદીના શિખરે હોવા છતાં અંગત જીવનમાં જરૂરતમંદો અને ગરીબોના સાચા હમદર્દ હતા. દક્ષિણ ગુજરાતના અને ખાસ કરીને આપણી બિરાદરીના તમામ ગામો તેમના કામોની ગવાહી આપે છે. એમના જવાથી આપણી સોસાયટી સહીત તમામ સંસ્થાઓને ન પુરી શકાય એવી ખોટ ગઈ છે. કૌમ હંમેશા એમને યાદ રાખશે. અલ્લાહપાક મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવે. આમીન.



**જ. યુસુફભાઈ કાસમ મેમાન**
(યુ.કે.)

મર્હુમ અહમદભાઈ પટેલ સા. ના ઈન્તેકાલના સમાચાર વાયુવેગે પ્રસરતા દેશ-વિદેશમાં સમગ્ર સમાજ દુઃખમાં ગરકાવ થઈ ગયો. એમના જવાથી આપણાં સમગ્ર દેશ અને સમાજે એક સાચા મોહસીન અને રેહબર ગુમાવ્યા છે.

જનાબ અહમદભાઈ પટેલ સાહેબે તેમની રાજકીય કારકિર્દીમાં આપણા સમાજ અને આપણા સમુદાય માટે ઘણી કામગીરી બજાવી છે. અહમદભાઈ પોતે જીવી ગયા અને આપણને જીવન જીવવા માટે બોધપાઠ આપી ગયા. એમનામાં ઘણી ખુબીઓ હતી. એમણે સમાજના એટલા બધા ઉપયોગી કાર્યો કર્યા છે કે એ કાર્યો ગણાવી શકાય એમ નથી એમણે કોઈપણ જાતના હોદ્દાની કે બીજી કોઈ લાલચ રાખ્યા વગર નિખાલસ સેવા કરી હતી. ખાલી શબ્દોથી એમને તાઅઝીયત આપી શકાતી નથી, પરંતુ એમની જીવનશૈલીથી બોધપાઠ લઈએ એજ સાચી તાઅઝીયત છે. અલ્લાહપાક એમની મગફીરત કરે અને કુટુંબીજનોને સબર આપે એવી દિલથી દુઆ. આમીન



**જ. મહમદભાઈ મહેતા**
(કેનેડા)

જનાબ અહમદભાઈ પટેલ સાહબના નિધનથી સમાજને ન પૂરી શકાય એવી ખોટ પડી છે, બલ્કે સમગ્ર રાષ્ટ્રને એમની ખોટ પડી છે. અહમદભાઈ પટેલની એક જ ધૂન હતી કે કોઈપણ ભોગે રાષ્ટ્રને ઉન્નતિ તરફ લઈ જવો અને એ કાર્ય એમણે ખૂબ દિલ લગાવીને અંતિમ શ્વાસ સુધી કર્યા. ગરીબોની સેવા અને દીન-દુઃખિયાને બેહતર જીંદગી પ્રદાન કરવા માટે આપ આજીવન પુરૂષાર્થ કરતાં રહયા. સેવા અને સમર્પણ માટે આપ પૂરા રાષ્ટ્રના કોઈપણ સમાજના આદર્શ વ્યકિત હતા. આપશ્રીએ આપણા સમાજને પણ ગૌરવ અપાવ્યું છે. આપ સાચા અર્થમાં લોકસેવક હતા. આપના સદ્‌ગુણોની સુવાસ સદા સુગંધિત રહેશે. આપના હકમાં દિલથી દુઆ ગુજારૂં છું.



**જ. મોહંમદભાઈ દાદાભાઈ**
(દુબઈ)





અહમદભાઈ પટેલ સાહેબ સમગ્ર સમાજના ખૂબ ઉમદા અગ્રણી, મોભી અને શુભચિંતક હતા. ખુશીની વાત એ હતી કે આપ શિક્ષણપ્રેમી હતા. સામેવાળી વ્યકિતની તેની લાયકાત મુજબ કદર કરી જાણતા. આપ માણસ પારખું હતા. સાહિત્ય પ્રેમ અને વાંચન શોખ ધરાવતાં હતા. અહમદભાઈ સમાજના કચડાયેલા વર્ગના ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ હતા. સાદગીપૂર્ણ જીવન જીવવામાં માનતા હતા. કર્મ (કામ) કરો ફળની અપેક્ષા ન કરો એ એમનો જીવન સંદેશ રહેવા પામ્યો છે. આપ દિલના ખૂબ સ્વચ્છ માણસ હતા. આપની વાણીની મૃદુતા, આપનું વિઝન અને આપના લક્ષ્યાંકો ખૂબ જ ઊંચા હતા. આપ દંભ અને દેખાડાથી હંમેશા દૂર રહેતા. આપણા સમાજની તમામ સંસ્થાઓથી સુપેર પરિચય કેળવી જરૂર જણાય ત્યારે ખૂબ સહયોગ આપતા, હંમેશા પ્રોત્સાહન આપતા, નિરાશાવાદ અને નકારાત્મકતાથી તેઓ દૂર રહેતા. એમના જીવનમાંથી આપણે ઘણાં બધાં આદર્શો-સિધ્ધાંતોને જીવનમાં સ્થાન આપવાની જરૂર છે.

આપ આદર્શ સેવાકીય જીવન જીવીને આપણા સૌના માટે દીવાદાંડી સમાન બન્યાં છે. આપને અલ્લાહપાક ખૂબ નેઅમતોથી નવાઝે. આમીન.

**મુઝે એ રહનુમા અબ છોડ તન્હા**
**મૈં ખુદ કો આજમાના ચાહતા હું.**



**જ. મોહંમદભાઈ પાંડોર**
**(જીતાલીવાલા)**
(યુ.કે.)

મર્હુમ અહમદભાઇ પટેલ સાહેબ અલ્લાહની રેહમતે પહોંચી ગયા અલ્લાહપાક એમની મગફિરત ફરમાવે. આમીન.

એમના સારા કામો અને આખી જીંદગી દેશ અને કૌમની ખિદમતમાં લગાવી દેવાની વાતો કરવા બેસીએ તો જગ્યા ઓછી પડે. મર્હુમ અહમદભાઇ સ્વભાવે શાંતિપ્રિય, નેકદીલ, હમદર્દ અને સમાજની ભલાઇ માટે હંમેશા તૈયાર રહેવા વાળા વ્યકિત હતા. એમનું વ્યકિતત્વ અનોખું હતું એમણે જીવનપર્યત દેશની અને સમાજની સેવા માટે કામ કર્યુ. આવા ખિદમત ગુજાર ઇન્સાનની વિદાય આપણા બધા માટે આઘાત આપનારી છે.

અલ્લાહપાક એમની ખિદમતોને બેહદ કબૂલ ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં આલા મકામ અતા ફરમાવે. આમીન.



**જ. સલીમ હસનજી પટેલ**
(યુ.કે.)

અહમદભાઈ પટેલ સાચા રાજનેતા હતા. રાજકીય સૂઝ બેમિસાલ હતી. સમગ્ર ભારત દેશને હકારાત્મક રાજનીતિના દર્શન કરાવવામાં આપ સફળ રહયાં. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે ગણનાપાત્ર સ્થાન અને મહત્વની જવાબદારીઓ હોવા છતાં પોતાના સમાજને, પોતાના વિસ્તારને અને પોતાના સ્નેહીજનોને કયારેય ભૂલ્યાં નથી. મુશ્કેલીનું નિવારણ અને સમસ્યામાંથી સમાધાનનો માર્ગ કાઢવા માટેનું આપનું ખમીર નોંધપાત્ર હતું. માત્ર આપણા સમાજને જ નહિ, કિંતુ સમગ્ર રાષ્ટ્રને આપની કાર્યશૈલી અને વિચારધારાની ખોટ વર્તાતી રહેશે. અલ્લાહપાક મર્હુમની બાલબાલ મગફિરત ફરમાવે આમીન.

**આંખ સે દૂર સહી દિલ સે કહાં જાએગા ?**
**જાનેવાલે તૂ હમેં યાદ બહુત આએગા.**



**જ. યુસુફભાઈ મોતાલા**
(કેનેડા)

# અહમદભાઈ પટેલ મૂકસેવક બોલતાં હૈયાં


સાંસદ મર્હૂમ અહમદભાઈ પટેલ વિશે લખવું એટલે સૂરજ સામે દિપ ધરવા સમાન કહી શકાય. એમની પ્રસિદ્ધિ, કાર્યો, સેવા, સ્વભાવ, પ્રતિબધ્ધતાનોજ વિચાર કરીએ તો એજ એમની ઓળખ કે એમના વિશેની માહિતી આપે છે. અહમદભાઈ એક કુશાગ્રા અને વિચક્ષણ વ્યકિત તરીકે દેશ, સમાજ અને જનતાનું ભલું ચાહનારા વ્યકિત હતા. તેથી લોકોના, લોકો દ્વારા , લોકો માટેના લોકલાડીલા નેતા બની રહ્યા હતા. એમનું વ્યકિતત્વ અન્ય નેતાઓ કે રાજકારણીઓથી ભિન્ન રહ્યું. પોતાની જાતને કદી પણ સામે લાવ્યા સિવાય મૂક સેવક બની સેવાઓ કરતા રહ્યા. એ સેવા થકી આવનારા સમયમાં પણ લાભ મળતો રહેશે. મને અહમદભાને પ્રસંગોપાત રૂબરૂ સાંભળવા અને જોવાની તક મળી હતી. એવું કહેવાય છે કે એમણે જાહેર કારકિર્દીનો પ્રારંભ કોલેજમાં ક્રિકેટર ખેલાડી તરીકે કર્યો હતો. એટલે એવું કહી શકાય કે સાચા અર્થમાં રાજકીય ખેલાડી બની એમણે કેચ કરવા, ફીલ્ડિંગ ગોઠવવી, આઉટ કરવા, બોલિંગ કરવી, સ્પિન કરવું જેવી વ્યૂરચના અગાઉથી જ શીખી લીધી હતી, જે આગળ જતાં એમની રાજકીય કરકિર્દીમાં મૂલ્યવાન સાબિત થયું.

પીરામણ અંકલેશ્વર ગામના ખેડૂતનો નબીરો આટલા ઊંચા સ્થાને બિરાજમાન હોવા છતાં તેમણે સાદાઈ અને અનુભવ દ્વારા જે દેશ સેવા કરી છે એ સૂવર્ણ અક્ષરે લખાશે. એમનું કુટુંબ સમાજસેવા અને રાજકીય સેવામાં અગ્રેસર રહ્યું છે. એટલે ગથૂથીમાંથી એ મળેલ છે. એમની રાજકીય કારકિર્દી દરમિયાન કયારેક એમની પ્રતિભાને દાગ લગાડી ખરડવાના પ્રયાસો થયા પરંતુ આ વિશાળ અને લોખંડી હૃદય ધરાવતા ચતુરે કયારે પણ આંચ લાગવા દીધી નથી, ઉલ્ટાનું તેમની સાથે ભલાઈથી જ વર્તન કરતા રહ્યા હતા એમાં એમની મહાનતા જણાંય છે. એમણે કોંગ્રેસ પક્ષ માટે વિશ્વાસ સંપાદન કરી, નિષ્ઠાપૂર્વક પક્ષને મજબૂત કરવામાં રહેલું એમનું યોગદાન યાદગાર રહેશે. એમની જગ્યા પૂરવી મુશ્કેલ રહેશે. એક વિરલ વિચક્ષણ નેતા તરીકે કાર્યકર્તા તરીકે એમને બિરદાવવા જ પડે. એમણે એક આગવી ઓળખ ઉભી કરી હતી. એમણે સરકારમાં કોઈ પ્રધાનપદ નથી લીધું પરંતુ ભારતના રાષ્ટ્રિય વિકાસમાં એમનું યોગદાન જરૂર રહ્યું છે એમ કહી શકાય. એમણે દરેક સમાજને સામે રાખી લોક કલ્યાણના કાર્યો કર્યા એ જોતાં સર્વધર્મ સદ્ભાવની સાથે સર્વધર્મ સમભાવ, એકતા અને લોકશાહી એમના વિચારો અને વર્તનમાં અનુભવી શકાય છે. સ્વતંત્ર વિચાર, આગવીકોઠા સૂઝ કે નિર્ણય શકિત તિવ્ર હતી. એમના આદર્શોમાં દીર્ઘ દ્રષ્ટિ જણાંય છે.

અહમદભાઈ પટેલના અવસાર નિમિત્તે શોક શંદેશો પાઠવતા ઈન્ડિયન મુસ્લિમ એસોસિએશન લેસ્ટર યુ.કે.ના પ્રમુખ જનાબ અબ્દુલકરીમભાઈ ઘીવાળા જણાવે છે કે ‘‘અહમદભાઈ પટેલના નિધનથી માત્ર મુસ્લિમ કોમ્યુનિટીને જ નહીં પરંતુ સમગ્ર દેશને એક નિખાલસ અને સેવાભાવી કાર્યકર્તાની ખોટ લાગશે. અહમદભાઈ નિષ્ઠાપૂર્વક પોતાની આગવી શૈલીમાં કોઈપણ પ્રકારની જાહેરાત અને દેખાવ કર્યા વગર પોતાના કર્તવ્યની ફરજ બજાવતા રહ્યા હતા. એમના દેહાંત પર બધા જ પક્ષોના કાર્યકર્તાઓએ જે સંદેશાઓ આપ્યા, એનાથી એ ફલિત થાય છે કે મરહૂમ અહમદભાઈ બધાજ પક્ષોમાં કેટલા પ્રભાવશાળી, ચાહક અને માનની દ્રષ્ટિથી જોવાતા હતા. આપણા માટે ખેદની વાત એ છે કે સમાજે એક નિસ્વાર્થ તેમજ કર્તવ્યપરાયણ હમદર્દ ગુમાવ્યો છે. બધા સમાજમાં લોકપ્રિયતા જોતા એવું લાગે છે કે ધર્મનિરપેક્ષ વિચાર ધરાવતા મરહૂમ દેશની ભલાઈ માટે પોતાની સેવાઓનો લાભ બધાને જ આપતા હતા. એમની સેવાની યાદોને જાળવી રાખવા મુસ્લિમ સમાજના યુવકોએ પ્રેરણા લઈ આગળ આવી એમના ચિંધેલા માર્ગ ઉપર સમાજસેવા માટે તત્પર થવું જોઈએ.

અન્ય સમાજ અને દેશ સેવા સાથે મુસ્લિમ સમાજની સંસ્થાઓને અચૂક મદદરૂપ રહેતા. એમના આંગણે આવેલા કોઈને પણ મદદરૂપ થવું એ એમનો એક મુદ્રા લેખ હતા. ચાહે તે શૈક્ષણિક સંસ્થા, દારૂલ ઉલૂમ, સામાજિક સંગઠન, હોસ્પિલ, ધાર્મિક ગમે તે હોય અને જો અટકેલા કામો હોય તો માર્ગ મોકળો કરી આપવા તત્પર રહેતા હતા. સુરતી સુન્ની વહોરા મુસ્લિમ સમાજ અને વિસ્તારની સંસ્થાઓના વિકાસમાં એમનું મૂલ્યવાન પ્રદાન રહ્યું છે. સૌ માટે અહમદભાઈનો દરવાજો હંમેશા માટે ખુલ્લો રહેતો. દરેકની લાગણી સમજી સલાહ સૂચનો અને સહાયક બનતા હતા. શ્રમંત અને ગરીબોને ભેદભાવ રાખતા ન હતા. તેથીજ એમની લોકપ્રિયતા ચરમસિમાએ બની રહી લોકલાડીલા નેતા કહેવાયા છે.

વિદેશમાં મરહૂમ અહમદભાઈ એક પ્રભાવશાળી અને આદરપાત્ર નેતા તરીકે જાણી હતા. તેથી બ્રિટનમાં એમના અવસનના સમાચાર વાયુ વેગે પ્રસરી ગયા હતા અને એમના પરિચિતો, રિશ્તેદારો અને ચાહકોનો વિશાળ વર્ગ શોક મગ્ન થઈ ગયો હતો. એમના માટે દુઆએ મગફિરત અને શોક સંદેશાઓ પાઠવવામાં આવ્યા હતા. આવો વિરલ નેતા - કાર્યકર્તા ખૂબ લાંબા સમય પછી જન્મે છે. એમની સમૃતિઓ અને એમના કરેલાં કાર્યો સદાકાળ માટે અમર અને યાદીમાં રહેશે. મગફિરતની દૂઆ કરીએ.



યુસુફ એમ. સિદાત (થાલાવાલા)
લેસ્ટર, યુ.કે.





# અહમદભાઈ પટેલ અને સુરતી સુન્ની વહોરા સમાજ

તેઓ કેવા રાજકરણી હતા ? મો શું, હાં મનુષ્ય ખૂબ ભલા ભોલા અને દીનદાર હતા. મતલબ પાકા ઈસ્લામી. ત્યારે જ તો માસુમ પુરાદાબાદી કહે છે

યે ૧૯૯૩ કા વાકયા હૈ, રેડ ક્રાસ રોડ પર વાકે નઈ દિલ્હી કી જામા મસ્જિદ મેં જુમ્આ કી તૈયારી ચલ રહી હૈ. અચાનક વુઝુ કા પાની ખત્મ હો જાતા હે. લોગ વહાં લગે હુવે પુરાને હેન્ડ પમ્પ કી તરફ દોડતે હે. મેંને દેખા કે એક શખ્સ મુસલસલ નલ ચલાયે જા રહા હે લોગ વુઝુ કર રહે હેં. ચેહરા નયા થા ઈસ લીયે મેં પેહચાન નહીં સકા. કાફી લોગ વુઝુ કર ચુકે તો મેંને કહા કે અબ નલ મેં ચલાઉંગા લેકીન વહ નહીં માને ઓર લોગો કો વુઝુ કરાતે રહે. બાદ કો માલુમ હુવા કે યે અહમદ પટેલ હેં ઓર કોંગ્રેસ કે સીટ પર પેહલીબાર એવાને બાલા કે લીયે ગુજરાત સે મુન્તસબ હોકર આયે હેં.

મેં એક નહી, દસ જબાનથી સાંભળ્યુ છે તેઓ નમાઝમાં ઘણી જ પાબંદી દાખવત અને એક નહી, અનેક મોઢેથી સાંભળ્યુ છે તેઓ કુર્આનની તિલાવત નિયમિતરૂપે કરત, એમની સખાવતની ખુશ્બુ એમની કોમ સુરતી સુન્ની વહોરાના ૧૭૦ ગામડાઓમાં જ નહી બલ્કે આખા દેશમાં પ્રસરી છે, વહોરા સમાજના તો ૧૭૦ બધા જ ગામો એમની સખાવત માટે માંગો એટલા ઉદાહરણ પૂરા પાડે. મારા ગામ દઢાલ ઈનામમાં હમણાં જ બનેલો કોમ્યુનિટી હોલ તાજુ અને જીવંત ઉદાહરણ છે.

તેઓ વહોરા કોમમાં એકમાત્ર પાર્લમિેન્ટના મેમ્બર થયા જયારે કે ગઈકાલે આ ક્ષેત્રમાં સામાન્ય રીતે વહોરા સમાજે સક્રિય ભાગ લીધો નથી. ભજવ્યો નથી કે રસ દાખવ્યો નથી.

એકલદોકલ વ્યકિતઓ આ ક્ષેત્રમાં દાખલ થઈ હતી જેવા કે કોસંબાના મર્હુમ દાતાર, મોટામીયાં માંગરોલના મર્હુમ ગુલામ મોહમ્મદ સાલેહજી પટેલ, પીરામણના સુલેમાન ઉનીયા નવસારીથી ધારાસભ્ય થયા હતા. સાઉથ આફ્રિકામાં જોહનીસબર્ગના મર્હુમ સુલેમાન નાના અને ડર્બનના એ.આઈ. કાઝી અને એમના થોડા સાથીદારોએ ખૂબ અગ્રગણ્ય અને નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો.

સાઉથ આફ્રિકામાં ડો. દાદુ અને તેમના થોડાક સાથીઓએ જોરદાર આંદોલનો કર્યા, ડર્બનમાં મી.એમ. મુલ્લા બીઝનેસ મેગન્ટ, શિક્ષણપ્રેમી અને મહાન મુત્સદી હતા. આજે આ ક્ષેત્ર પહેલા જેટલું જ અણખેડાયેલું છે. સમાજ આ રોગથી અળગો છે. છતાં એકલદોકલ વ્યકિતઓ આ ગંદાગોબરા રાજકારણમાં મોહબ્બતની મીઠાશ લઈ સક્રિય થયા. જેમાં આપણા અહમદભાઈ પટેલનું નામ સોનાના પાણીથી લખવા જેવું છે. અહમદભાઈ પટેલ ભારત સરકારની રાજસભાના સભ્ય હતા. અગાઉ લોકસભામાં પણ સભ્ય તરીકે ચુંટાયા હતા, અને તે પછી અખીલ ભારતીય કોંગ્રેસ પક્ષના ખજાનચી તરીકે પણ સેવા આપી છે.

ખરેખર તો અહમદભાઈ પટેલ એમના વાલીદ સાહેબના અનુગામી થયા હતા, એમના વાલીદ એટલે ઈ.સ. ૧૯૧૧માં જન્મેલા મુહમ્મદ ઈસ્હાકજી પટેલ, ગુજરાતી પાંચ ધોરણ સુધી અભ્યાસ કરેલો, પરંતુ જીલનની સિધ્ધિઓ અને સેવાઓ જુઓ તો ભલભલાને પાછળ પાડી દે. પીરામણ મંડળી અંકલેશ્વર તાલુકા પ.સે. યુનિયનના મુખ્ય પ્રમોટર અને સ્થાપક, અંકલેશ્વર તાલુકા સુપરવાઈઝીંગ યુનિયનના પ્રમુખ તથા ભરૂચ ડી.સે.કો.ઓ. બેંકમાં ડાયરેકટર, જિ. ભરૂચ લો બોર્ડના સભ્ય અને ભરૂચ જીલ્લા વિકાસ બોર્ડમાં સરકાર નિયુકત સભ્ય તરીકે રહી અનેક વિધ સહકારી ક્ષેત્રોમાં સેવા બજાવી હતી.

અહમદભાઈનો સંબંધ સુરતી સુન્ની મુસ્લિમ વહોરા સમાજથી હતો. વહોરા એટલે દરેક ખતરાને વહોરી લેનાર, દુનિયામાં ખ્યાતિ પામેલ દરયાખેડુ કોમ, પહેલી સદી હિજરી અથવા તે પહેલા અરબ દેશથી આવી ગુજરાતના દરિયા કાંઠે વસેલી કોમ અને તેમના હાથ પર ઈસ્લામનો અંગીકાર કરનાર બ્રહ્માણ, વાણીયા, રાજપૂત કે કોળી લોકો એટલે વહોરા, આ સમાજ નર્મદા નદીના દક્ષિણ થી વાપી સુધીના વિસ્તારના લગભગ ૧૭૦ ગામમાં વસ્યો છે. આ ગામો પૈકીનું એક ગામ પીરામણ જયાં અહમદભાઈ અને એમના વાલીદ મુહમ્મદ ઈસ્હાકજી પટેલનો જન્મ થયેલો.

આપણા વહોરા સમાજે (હું દેશ કે દેશના મુસ્લિમોની વાત નથી કરતો, નાનો માણસ છું નીચા સ્તર પર વાત કરુ છું) આજે પિતા સમાન અહમદભાઈની ઘેઘૂર છાયા ગુમાવી છે, એવા અહમદભાઈ જેમની સિદ્ધાંત પ્રિયતા મતલબ પરસ્તીના ઝીથરાં ઉડાવી દેતી હતી. દુવા કરો અલ્લાહ અહમદભાઈને બક્ષે અને જન્નત આપે. રાજકારણમાં યતીમ થયેલા આપણા વહોરા સમાજને અહમદભાઈનો નિમુલ બદલ આપે આમીન.

**અમ્માર અબ્દુલ હમીદ લીંબાડા નદવી**



# એ કૌમના મુખલિસ ખાદિમ અલવિદા
# મર્હુમ અહમદભાઈ પટેલની ખિદમતમાં

**એ બાગ બાં તુને ફુલ વો ચુના,**
**કે ચમન હી વિરાન હો ગયા.**

આપ નિઃસ્વાર્થ અને મુખલિસ હતાં અને કૌમની હમદર્દી, કૌમની ખૈરખ્વાહી, નિખાલસતા અને ખામોશ રહીને રાજનીતિના, સમાજના અને કૌમની સંસ્થાઓના મોટો મોટા પ્રશ્નો હલ કરવાની કુનેહ અને સલાહિયતએ તમારી એવી ખુબીઓ હતી જે આપના વ્યકિતત્વને લાખો-કરોડો લોકોમાં અલગ તારવતી હતી.

આજે રાત્રે ૪ વાગ્યાની આસપાસ આપના ઈન્તેકાલની દુઃખદ ખબર સાંભળી, તો દિલ રડી ઉઠયું કે હમો હમારા મોહસીનના આખરી દીદાર પણ ન કરી શકયા.

ખૈર ! અલ્લાહની જેવી મરઝી, તેના બધાં જ કામો હિકમતવાળા છે, હમો ખુદાનાં ફેસલા ઉપર રાઝી છીએ.

સાહેબ ! આપ પોતાના વ્યકિતત્વમાં એક અંજુમન સમાન હતાં. રાજનીતિમાં વરસો પ્રવૃત્ત રહેવાની સાથે સાથ શૈક્ષણિક સંસ્થાઓ, ચેરીટેબલ ટ્રસ્ટો, મસ્જીદ, મદરેસા ટ્રસ્ટોને આપ મોહતરમે જે અમૂલ્ય સેવાઓ પુરી પાડી છે, તે સમગ્ર ભરૂચ પંઠક અને વહોરા સમાજ અને તમારા વતન પિરામણને ગર્વ લેવાનાં અધિકારી બનાવે છે જે આવો અમૂલ્ય હીરો પિરામણની કિસ્મતમાં લખાયો હતો.

કામ પરત્વે આપની નિષ્ઠા, સજાગતા, ચોકકસતા, ઈમાનદારી અને રાજનિતીની સમજ આપનાં વ્યકિતત્વની વિશેષતા હતી અને આ બધી જ ખૂબીઓ હોવા છતાં આપની નમ્રતા, મિલનસારી, મદદરૂપ થવાની તત્પરતા વગેરે ગુણો આપના વ્યકિતત્વને વધુ મહેકાવતા હતાં.

હમોએ અનુભવ્યું છે કે 'ના' શબ્દ આપની ડિકશનરીમાં ન હતો અને એટલે જ સંસ્થાઓ માટે અને સમાજ માટે આપનું અસ્તિત્વ "એક અનાર સો બીમાર" સમાન હતું.

આજે આપની વિદાયથી આખો સમાજ સ્તબધ છે. પરંતુ આ દુઃખને હલકું કરનાર બાબત જો કોઈ છે તો એ છે કે આપ મોતના સ્વરૂપમાં બીમારીથી છુટકારો મેળવીને હંમેશાની રાહતમાં પહોંચી ગયા છો. હમો ખુદાનાં દરબારમાં આપના માટે શહાદતના મરતબાની ઉમ્મીદ રાખીએ છીએ, અને યકીન રાખીએ કે આ જુદાઈ કાયમી નથી, હા ! એ વાતનું દુઃખ જરૂર છે કે આપનાં જેવો મુખલિસ ખાદિમ વહોરા કૌમ તથા સમગ્ર વિસ્તારને ફરી કોણ અને કયારે મળશે ? આપનાં તમામ ફેમિલી મેમ્બર્સ, સગાં સંબંધીઓની ખિદમતમાં મસનૂન તાઝીયત (સાંત્વના) પેશ કરીએ છીએ કે આ દુઃખની ઘડીમાં હમો આપની સાથે છીએ.

અલ્લાહ કરીમ આપની મગફિરત ફરમાવી, દરજાતને બુલંદ ફરમાવે આમીન, અને આપ જેવા નેક લોકોની વિદાયથી સર્જાયેલ શુન્યવકાસને જલ્દી ખતમ ફરમાવી અમારા ઉપર અને કૌમ પર રહમ ફરમાવે.

**હે કોમનાં મુખલિસ ખાદિમ !**
**તમારા ઈખ્લાસનું શું કહેવું !**
**તમો બાગનું એવું ફુલ હતા**
**જે વારંવાર નથી ખીલતું.**

**આયશા યુસુફ પાંડોર (મોદી)**
(કાપોદ્રા)






જનાબ અહમદભાઈ પટેલ સાહેબની અણધારી વિદાય કારમો આઘાત આપતી ગઈ. અલ્લાહપાક મર્હુમને જન્નતુલ ફીરદૌસ અતા ફરમાવે. એમની કરવત કરવત મગફીરત ફરમાવે. એમની કબ્રને જન્નતના બાગમાંથી એક બાગ બનાવે. એવી દુઆ સાથે એમના ફરજંદો દીકરા ફૈજલ, દીકરી મુમતાઝ એમના અહેલીયા, બહેનો, મોહસીનો દોસ્તો, શુભેચ્છકો તથા આપણી સમગ્ર વહોરા બિરાદરીને અલ્લાહપાક સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

જનાબ અહમદ પટેલ સાહેબ મુઠ્ઠી ઉંચેરા માનવ તરીકે આદર્શ જીવન જીવી ગયા. બુલંદીના શિખરે પહોંચી છતાં સાદુ જીવન ઉચ્ચ વિચારો એમનો જીવન મંત્ર હતો. સમાજના દરેક વર્ગ ધર્મ નાતજાત ગરીબ તવંગર નાના-મોટાને ભેદભાવ વગર શાંતિપૂર્વક પુરેપુરુ સાંભળવુ. અખલાક પૂર્વક પેશ આવવું. જરૂર જણાઈ તેટલું ઓછું નમ્રતાથી વિવેકપૂર્ણ બોલવુ. આવા ઉમદા સમાજના વડીલ આગેવાનની ખોટ સમાજને હર હંમેશ ચોકકસ રહેશે. એમની વસમી વિદાય પછી આપણે સોશિયલ મીડિયા ઈલેકટ્રોનિકસ મિડીયા, પ્રિન્ટ મિડીયામાં આપણે જે જોયું સાંભળ્યુ અને વાંચયુ એના ઉપરથી આપણને એમના વિરાટ કદની જાણકારી મળી. સાથે એ ચોકકસ પણે કહી શકાય કે એમણે સમાજ માટે, લોકોના માટે જીવન ખર્ચી નાંખી. ખરા અર્થમાં જીવન જીવન જીવી બતાવ્યું અને કૌમના ઈતિહાસમાં એક અમર સ્થાન મેળવી લીધું.

સાથે આ કોવીડની મહામારીમાં આફતમાં આપણા સમાજના અને ઉમ્મતે મોહમ્મદીયાના મર્હુમો જેમનો ઈન્તેકાલ થયો એ દરેકની અલ્લાહ બાલ બાલ મગફીરત ફરમાવે, જન્નતુલ ફીરદૌસ અતા ફરમાવે, એમના કુટુંબ પરિવારને સબ્રે જમીલ અતા ફરમાવે અને અલ્લાહથી દુઆ કરીએ કે જે ભાઈઓ આ બિમારીમાં બિમાર થયા છે તેમને મુકમ્મલ શીફા આપે અને દુનિયાથી મહામારી ખતમ કરી માનવજાત ઉપર રહમ કરમ કરી આ બિમારીથી છુટકારો આપે. આમીન.



**જ. સાદીકભાઈ યાકુબ ભૈયાત**
(સંજાલી)

**દુઆ મારા મિત કાજે દિલથી કરૂં છું**
**જન્નતમાં મુકામ એમનો જન્નતુલ ફિરદૌસમાં હશે**

મર્હુમ અહમદભાઈ પટેલ સાહેબની અણધારી વિદાય સમસ્ત વહોરા કૌમ માટે નહીં પરંતુ સમગ્ર દેશ, કોંગ્રેસ પક્ષ અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતના તમામ લોકો માટે એક આંચકા સમાન હતી. એમના ઈન્તેકાલના સમાચાર વાયુ વેગે પ્રસરી જતા સમસ્ત દક્ષિણ ગુજરાત ધ્રુસ્કે ચડયુ હતુ અને દરેકે પોતાનું સ્વજન ગુમાવ્યુ હોય તેવો ગમનો માહોલ જણાતો હતો. એમનું સમગ્ર જીવન રાજનિતિમાં પ્રવૃત્ત રહેવા સાથે અસંખ્ય કામો પક્ષ અને સમાજ માટે કોઈપણ જાતના દેખાડા વગર કર્યા હતા.

જ. અહમદભાઈ પટેલ સાહેબ ફકત રાજકરણી ન હતા પરંતુ જરૂર પડયે સંકટમોચક બની માર્ગદર્શકની ભુમિકા અદા કરનાર એક વફાદાર, ઈમાનદાર, માનવતાવાદી સાચા પ્રજા સેવક હતા. પ્રેમ, લાગણી, દયા, સદ્‌ભાવના એમના તનમનમાં સમાઈ ગયા હતા. હંમેશા દરેકને મદદરૂપ થવા આતુર હતા. એમના જવાથી આપણી વહોરા સોસાયટી સહીત સમગ્ર કૌમને ઘણી મોટી ખોટ પડી છે. ખરૂં કહું તો અહમદભાઈ જાણે બીજાના દુઃખ દુર કરવા માટે જ આ દુનિયામાં આવ્યા હતા. કૌમની ખિદમતમાં એમની કુર્બાની હંમેશા યાદ રહેશે.



**જ. ઝીયાઉદ્દીન એ. કાઝી**
(આંકડોદ-કોસંબા)

## खिराजे अकीदत

आदरणीय अहमद पटेलजी को...
चिट्ठी ना कोई संदेश
जाने वो कौन सा देश जहाँ तुम चले गए
इस दिल पे लगा के ठेस जाने वो...



इमरान पठाण
(उमरवाडा)

મિત્ર હંમેશા પ્રિય હોય છે અને હોવો જોઈએ દોસ્ત પર સદા વહાલ ઉભરાતા એ વહાલો લાગે જગત જેને અહમદ પટેલથી ઓળખે છે એ મારા મિત્ર બાબુ પટેલ અમને જેટલા વહાલા અને પ્યારા હતા એથી વધુ અનેકગણા હમો સહુ માટે આદરણીય અને સન્માનિય હતા. વાસ્તવમાં એમના સદ્‌ગુણોએ સ્નેહ અને પ્રિત પર અનેરૂ પ્રભુતા પાથરી દીધુ હતું. આપના સ્નેહાર સ્વભાવે તેમજ સુંદર સંસ્કારોએ અમારા પર એમના પ્રત્યેની દોસ્તી અને મૈત્રીએ અનેકગણી વૃધ્ધિ કરી હતી. સંયમ, ધીરજ અને ધૈર્ય તેમના સ્વભાવમાં હતા. અહમદભાઈ તાલુકા પંચાયતના પ્રમુખપદે આરૂઢ હોય કે સંસદના નીચલા કે ઉપલા ગૃહમાં બિરાજમાન હોય કે રાજય કોંગ્રેસ કમિટીનું સુકાન પદ શોભાવતા હોય કે અખિલ ભારતીય કોંગ્રેસના કોષાધ્યક્ષ પદે હોય એવો દરેક પદને ન્યાયપૂર્વક નિભાવતા હતા. હું આમ કહેવામાં સહેજે સંકોચ નથી અનુભવતો કે બાબુ પટેલ મારા અત્યંત નિકટતમ હતાં. છતાં સૌમ્ય સ્વભાવ સુસંસ્કાર સ્વચ્છ ચારિત્ર્ય સદવ્યવહાર ક્ષેત્રે આપણે સ્પર્શી પણ નહીં શકીએ, એટલા ઉચ્ચ સ્થાને આપ માનવંત બિરાજમાન હતા. આથી જ મારી મોટી મૂંઝવણ એ છે કે,

**''એસા કહાં સે લાઉં કે તુઝસા કહેં જિસે''**

જોકે ક્રિકેટના નાતી અમારા વચ્ચે સ્નેહ અને મૈત્રીની કુંપણ પાંગણી હતી. સહુ કોઈ જાણે છે કે એસ.ડી. ક્રિકેટ રસીયો છે, જયારે માનવંત બાબુ પટેલ એક સારા ક્રિકેટર અને ફાંકડા સ્ટ્રોક પ્લેયર, આથી "સાંસદ" તરીકે સન્માન મેળવી દિલ્હી પહોંચી પાલમિન્ટની ક્રિકેટ ટીમના એક પાયાના પ્લેયર હતા અને મહત્વની મેચમાં અતિસુંદર પ્રદર્શન કરી રાષ્ટ્રપતિના હાથે સન્માનવામાં આવ્યા હતા.

અહમદ પટેલની વિદાયથી સમાજે સજ્જનતાના શિખર ધારાસાઈ થવાનું અનુભવે એ જેટલું સહજ એટલું જ દુ:ખદ મારા જેવા એક સ્નેહાળ સાથી-શુભેચ્છા કે પછી માનવંત મુખલિસ મિત્ર ગુમાવ્યો હોય, હૈયું ડુસ્કા ભરતું કણસતા જઈ કહે છે કે,

**''અહમદ કો યાદ કરકે કહાં તક ન રોઈયે !**
**વલ્લાહ ! એક ઉમ્ર કા સાથી ચલા ગયા''**

અને એ અહમદ પટેલ રાજકારણમાં ઝંપલાવી તાલુકા પંચાયતની ચૂંટણી લડી ઝળહળતી સફળતાને વર્યા ત્યારે આપનું સહુથી પહેલું સન્માન આ નાચીઝના નિવાસ સ્થાને થયું હતું.



**જ. એસ.ડી. પટેલ**
(કાપોદ્રા)

**અહમદભાઈ પટેલ એ આપણા સમાજને અલ્લાહપાક તરફથી મળેલ ખૂબ જ અનમોલ નેઅમત હતી. આપે જે કાર્યો કર્યા છે તેવાં કાર્યો હજારો માણસો મળીને પણ કરી ન શકે. અલ્લાહપાકે મર્હુમને ખૂબ જ સલાહીય્યતો અને અજીબોગરીબ કાર્યશૈલીથી નવાજયા હતા. આપની ખોટ કાયમ સાલશે. આપની યાદોના તોરણો સદાકાળ માટે સ્મૃતિપટ પર લીલાં રહી મહેંકતા રહેશે.**

**બડે અફસોસ કે સાથ યહ કહના પડ રહા હૈ,**
**કિ જો ખુદફરામોસ થે વો જબ જહન મેં જીંદા ન રહે,**
**ઉનકા નિધન ઈસ રાત કો હો ગયા,**
**તભી નયન ગીલા ઔર દિલ ખાનાબદોશ હો ગયા.**



**મો.અસલમ વાય. પટેલ**
આલુંજ






એક સમય એવો હતો કે આપણા લોક લાડીલા મર્હુમ જનાબ અહમદભાઇ પટેલ સાહેબનું નામ સાંભળતા હતા તો આપણે એક પ્રકારનો ગર્વ અનુભવતા હતા. એમની વસમી વિદાય આપણા સૌ માટે દુઃખદ છે.

મર્હુમ અહમદભાઇ એક અજોડ પ્રતિભાશાળી વ્યકિત હતા. એમના ઇન્તેકાલ થવાથી આપણા સમાજે એક યોદ્ધો ગુમાવ્યો હોય એટલો આઘાત લાગ્યો છે.

**"કાલ સુધી જેનો કલરવ ગુંજતો હતો ચોતરફ**
**ઓઢીને ખામોશી, આજે એ પંખી સુઇ ગયું"**

અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને કયારેય ભુલીશું નહીં. આપ હંમેશા અમારા દિલમાં જીવંત છો, આપનો હૂંફ, સ્નેહ, લાગણી, સમાજ પ્રત્યેની ઉદાત્ત ભાવનાઓ તેમજ સમાજને આપેલા અમૂલ્ય યોગદાન કયારેય વિસરાશે નહી. આપ હતા તો સમાજને હુંફ હતી આપની હયાતી અમારૂ આત્મબળ હતું આપની લાગણીઓ અમારી પ્રેરણા હતી.

ખૈર દરેક વ્યકિતએ એક દિવસ આ ફાની દુનીયા છોડીને જવાનું છે. અલ્લાહપાકના હુકમ સામે આપણે સૌ લાચાર છીએ. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત થી દુઆ છે અલ્લાહ મર્હુમના દરજાતને બુલંદ કરે, એમની બાલ-બાલ કરવટ કરવટ મગફિરત ફરમાવે અને એમણે કરેલા નેક કાર્યોનો બહેતરીન બદલો આખિરતમાં આપે. આમીન.




**અબ્દુલવહીદ અનસારી**
કલાર્ક
ધી સુ.સુ.વ.મુ. એજયુ. સોસાયટી, સુરત.


અહમદભાઈ પટેલ સાહેબ આધુનિક કેળવણીના પ્રખર હિમાયતી હતા. સમાજના અસંખ્ય હોનહાર ડોકટર, એન્જીનીયર, ટેકનોક્રેટ્સ અને નિષ્ણાંત વ્યકિતઓને પ્રોત્સાહન પૂરૂં પાડી તેમને લક્ષ્ય પ્રાપ્તિ માટે પ્રેરકબળ પૂરૂં પાડનાર એક મૂક અને સાચા અર્થમાં જમીન સાથે સંકળાયેલાં ઉમદા સેવક હતા. સમાજ આધુનિકતા માર્ગે પ્રયાણ કરે, સમાજ અને રાષ્ટ્ર ભૌતિક શકિતઓથી સુસજજ બને તેવી દીર્ઘદ્રષ્ટિ રાખનાર સાચા સુકાની હતા. નવયુવાનોને રોજગારીની તકો પ્રાપ્ત થાય, તેઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા. સમાજ અને રાષ્ટ્ર માટે આપની સકારાત્મક દ્રષ્ટિ અને વિઝન ખૂબ જ પ્રશંસનીય હતા. યુવા પ્રેમ, શિક્ષણ પ્રેમ, રમત પ્રેમ અને માનવ પ્રેમ એમનાં જીવનમાંથી સાંગોપાંગ ઝલકતો આપણે જોઈ શકતા. વિદ્વાન, શિક્ષિત અને કાબેલ માણસોને પિછાણી, તેમની કદર કરી, યોગ્ય અને સકારાત્મક માર્ગે વાળી, તેમની પાસેથી સમાજપયોગી કાર્ય લેવાની શૈલી એ તેમના બાહોશ નેતૃત્વની એક નોંધનીય બાબત હતી.

અહમદભાઈ આ રાષ્ટ્રના હજારો યુવાનો માટે એક ઉમ્મીદ હતા. આપનુ પારદર્શક અને ઉજળું વ્યકિતત્વ સદા આપના બેમિસાલ કાર્યો થકી મહેંકતું રહેશે. આપ ખૂબ યાદ આવશો સાહેબ, આપના માટે દિલથી સલામ છે.

**મારો અભાવ મોરની માફક ટહુકશે,**
**ઘેરાશે વાદળો ને હું સાંભરી જઈશ.**

**એ.વાય. દાદાભાઈ પરિવાર**
**કોસંબા**



# ફિકર સારે ભરૂચ કી...

**ચૂંટણી હાર્યા બાદ સામાન્ય રીતે રાજકારણમાં કદ ઘટતું હોય છે પણ આ ગુજરાતીએ પોતાનું કદ વધાર્યું.**

## અહમદ પટેલ : કોંગ્રેસમાં મજબૂત ગુજરાતી તરીકે ૪૩ વર્ષનું સામ્રાજય :

-રાજકારણમાં નીચેના સ્તર પરથી રાષ્ટ્રીય સ્તરે મજબૂત પગદંડો જમાવવો એ તો ભાઈ ગુજરાતી જ કરી શકે. સતત ૪૩ વર્ષ સુધી કોંગ્રેસના ધરોહર તરીકે રહેવું અને તે પણ રાજકારણમાં ખુબ મુશ્કેલ પણ કરી બતાવ્યું. અહમદભાઈ એ કોમવાદી વાવાઝોડાની વચ્ચે વિરોધી પાર્ટી અને પક્ષના જ વિદ્રોહીઓના કાવા દાવા પણ આ બધાને ઠેકાણે પાડવાની આવડત જ એ તેમની સફળતાનું રહસ્ય હતું.

-૧૯૭૭ થી ૧૯૮૯ દરમ્યાન જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ બેકાબુ બની હતી. કોંગ્રેસની સરકાર રાજય અને કેન્દ્રમાં હોવા છતાંય આવી પ્રવૃત્તિઓ પર રોક લાગતી ના હતી. હું તે સમયે લોકસત્તામાં લખતો હતો. મેં આ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા લોકો પૈકી કેટલાક અહમદભાઈની ખુબ નજીક હતા. આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળી રહયું છે, તેવી એક છાપ સામાન્ય જન માણસ પર ઉભી થઈ હતી. ૧૯૯૦ ની લોકસભાની ચૂંટણીઓ પહેલા લખેલું કે કોંગ્રેસનો મજબૂત ગઢ ગણાતા ભરૂચમાં કોંગ્રેસ હારશે. તે જમાનામાં ભાગ્યે જ કોઈ આવી હિંમત કરતું. અને ચૂંટણીના પરિણામો આવ્યા એહમદભાઈ હાર્યા. કોઈએ આવી કલ્પના પણ ન કરેલી. મને મળવા બોલાવ્યો અને પૂછયું કે એવી કઈ બાબતો હતી કે લોકો એ મને મત ના આપ્યા અને મેં એમને આંગળી ના વેઢે તેમની નજીકના કોંગ્રેસના કાર્યકરોનું લેબલ લઈને ફરતા તત્વો અને તેમના દ્વારા આપના નામ ના ઓથા હેઠળ કરાતી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો ત્યારે ચોંકી ઉઠયા હતા અને પછી થોડા જ સમયમાં આ બધા જ તત્વોને તેમણે સાઈડલાઈન કરી દીધા. અને ઘણા નવા ચહેરાઓને સ્થાન આપ્યું.

-ચૂંટણી હાર્યા બાદ સામાન્ય રીતે રાજકારણમાં કદ ઘટતું હોય છે પણ આ ગુજરાતીએ પોતાનું કદ વધાર્યુ. મેં એ પણ જોયું હતું કે રાજીવ ગાંધીની સરકારમાં સંસદીય સચિવ તરીકે તેમની નિમણુંક થતાં તેમના જ પક્ષના કેટલાક મોટા માથાઓએ અહમદભાઈના રાજકીય કદ ને વેતરી નાખવા તે વખતના વડાપ્રધાન રાજીવ ગાંધી સમક્ષ કેવી રજૂઆતો કરી હતી જેમાં તે વખતના કોંગ્રેસના કેન્દ્રના એક વરિષ્ઠ નેતા પણ સામેલ હતા અને પડદા પાછળ ગુજરાતના મોટા ગજાના નેતાઓ પણ હું આ ઘટનાનો સાક્ષી હતો તેમના કેન્દ્રના રાજકારણની વાતો તો ત્યાંના જ કહી શકે પણ કોંગ્રેસના શાસનમાં અનેક નીતિવિષયક વિવાદાસ્પદ પ્રસ્તાવો મુકાવ્યા હતા જો કે તેને સાર્વત્રિક સ્વીકૃતિ મળી ન હતી.

-ઈન્દિરા ગાંધી થી રાજીવ ગાંધી થી લઈ સોનીયાજી અને રાહુલ ગાંધી એમ ત્રણ પેઢીઓ સાથેની મજબૂત વફાદારી અને કોંગ્રેસને ટકાવી રાખવા માટે પડદા પાછળના સુકાની બની રહેવાની આવડતે તેમને કોંગ્રેસના રાજકારણના ચાણકય બનાવી દીધા. ગુજરાતમાં કોંગ્રેસને પછડાત મળી તો પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું. જો કે આ સમયગાળા દરમ્યાન દિલ્હીમાં વધુ ધ્યાન કેન્દ્રિત હોવાને કારણે ભરૂચ ઉપરથી તેમની પકડ છૂટતી ગઈ અને લોકસભાનું સાથે વિધાનસભા અને સ્થાનિક સ્તરની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસનો સફાયો થયો.

-નરેન્દ્રભાઈની અવિરત સફળતા તેમના સખત પુરુષાર્થને આભારી તો છે જ પણ કોંગ્રેસના આ મહારથીને પણ કંઈક અંશે આભારી છે. નરેન્દ્રભાઈ દિલ્હીમાં હતા અને જે પ્રકારે પક્ષને સંગઠનાત્મક રીતે મજબૂત બનાવી રહયા હતા તે અહમદભાઈ જાણતા હતા અને એટલે જ જેવું ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈનું નામ આવ્યું કે અહમદભાઈએ ચકાસી લીધું કે આ મહારથીને જો બ્રેક નહીં મરાય તો કોંગ્રેસ માટે મોટી સમસ્યા થશે અને એટલે જ ૨૦૦૨ ની ઘટના હોય કે પછી ફોન ટેપિંગ, કેન્દ્રની યુ.પી.એ સરકારે મોદી સાહેબને કોર્નર કરવાનું શરૂ કરી દીધું પણ આ તો મોદી સાહેબ, આ પડકારોમાં જ તેમણે અવસરને જોયો અને પ્રજાની સંવેદનાઓને જગાડી અને નરેન્દ્રભાઈએ ગુજરાત નહિ દેશભરમાં એક પ્રચલિત ચહેરો બનવા લાગ્યા. કોંગ્રેસની વ્યુહરચનાને અવસરમાં પલ્ટી નાખી. બે ગુજરાતીઓના સામ સામે જંગ છેલ્લો આપણે ૨૦૧૭ ની રાજયસભાની ચૂંટણીઓમાં જોયો જેમાં ભારે રસાકસી વચ્ચે અહમદભાઈ જીતી ગયા અને પોતાની રાજકીય કુનેહનો પરચો આપ્યો.

-ભરૂચ જિલ્લાના અનેક નાગરિકો કે કોઈપણ પક્ષના વ્યકિતઓના કામોએ ખુબ સહજતાથી કરી દેતા અને અપેક્ષા વિના એવા કેટલાય લોકો છે કે જેમનું અસ્તિત્વ જ અહમદભાઈની કૃપાને આધીન છે પણ જયારે મત આપવાની વાત આવે ત્યારે! ભરૂચ જિલ્લાના લોકોએ અહમદભાઈ પટેલના રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિઓને નજર અંદાજ કરી એમ કહીયે તો ખોટું નથી. આમેય એ કઈ નવું નથી. આપણે ભરૂચના જ મહારથીઓ જેવા કે કનૈયાલાલ મુન્શી કે પંડિત ઓમકારનાથ ઠાકુર કે અંકલેશ્વરના શાંતિલાલ શાસ્ત્રી જયારે હયાત હતા ત્યારે કે પછી પણ કયાં કદર કરી છે ? દેશ આખામાં એમને આદર અપાય પણ આપણે ઊણા ઉતાર્યા છે.

-અહમદભાઈ પાસે પ્રજાકીય કામો કરતા વ્યકિતગત સ્વાર્થના કામો માટે માટે જનારાઓની સંખ્યા ઘણી હતી પણ એમણે લગભગ બધાને સંતુષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. રાજકારણમાં લો પ્રોફાઈલ રહેવાના તેમના સ્વભાવે લાભ તો આપ્યો પરંતુ ઘણી જગ્યાએ નુકસાન પણ કર્યું. તેમની વિરૂધ્ધમાં ચાલતા પ્રચાર અંગે એ કયારેય આક્રમક રીતે પ્રતિકાર નથી કર્યો જેનો ખુબ લાભ ઉઠાવાયો.

-દેશ રાજય કે જિલ્લાના કોંગ્રેસના આગેવાનો અહમદભાઈ વિષે સારું કહે તે તો સ્વાભાવિક છે પરંતુ જયારે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને કડક ટીકાકારો વિરોધ પક્ષના કેન્દ્રના ગૃહમંત્રી, મુખ્યમંત્રી અને ભાજપાના જ ધારાસભ્યો અને નગરસેવકો જયારે અહમદભાઈના ગુણગાન ગાય ત્યારે સાચે જ સહુ ભરૂચીઓ અને ગુજરાતીઓને ગર્વ થાય કે ભાજપામાં તો છે જ ગુજરાતીઓનો દબદબો પણ કોંગ્રેસમાં પણ ગુજરાતીએ ભારે જમાવ્યું. પ્રશ્ન છે હવે કોંગ્રેસમાં કોણ બીજું એવું ગુજરાત માંથી?

-રાજકારણમાં સક્રિય લોકો એ શીખવા જેવું છે કે માત્ર ખુરશીનો પાવર જ સર્વસ્વ નથી. લાંબા અને સફળ રાજકારણી બનવું હોય તો પડદા પાછળના અદના સમર્પિત કાર્યકર બનવું પડે અને જો દીર્ઘ દ્રષ્ટિ અને કુનેહ હોય તો વિના સત્તાએ તમે પાવરફુલ બની શકો.

ભરૂચના એક શકિતશાળી રાજકીય નેતા તરીકે તેમનું નામ ઈતિહાસમાં લખાઈ રહેશે.

**હરીશ જોષી**





# 'હવે એ હૂંફ નહીં રહી...'

અહમદ પટેલનાં મૃત્યુના આઘાત - દુઃખ અને મારી ખરાબ તબિયતને કારણે લખતા થોડુ મોડુ થઈ ગયું છે.

અહમદભાઈની રાજકીય શકિતઓ, વફાદારી તેમજ એમની સજજનતા, સંવેદનશીલતા, ઉદારતા, મહાનતા વિશે એમને ઓળખનારાઓ પરિચિત હશે જ. એ વિશે વધુ પુનરાવર્તન કરવાનું આવશ્યક નથી.

અહમદભાઈ સાથે ૩૦ વર્ષની મિત્રતા ઉપરાંત અંગત સ્વજન જેવા સંબંધ હતા. કોઈની પણ સાથે તેઓ મારી ઓળખાણ કરાવે ત્યારે 'મારા ફેમિલી ફ્રેન્ડ' જેવા શબ્દો વાપરે. મારા સારા-નરસા પ્રસંગોએ હંમેશા તેઓ મારી સાથે રહયા. કેટલીક મુર્ખાઈ ભરેલી, બાલિશ હરકતો માટે અંગત સ્વજનની જેમ ઠપકો આપતા અને માફ પણ કરતાં. જયારે પણ જીંદગીના કપરા સમયમાંથી પસાર થઈ રહયો હોંઉ ત્યારે મનમાં એક હૂંફ રહેતી. 'અહમદભાઈ છે ને... બધુ ઠીક થઈ જશે.'

૨૩, મધરટેરેસા, ક્રિસેન્ટ રોડ, નવી દિલ્હીના તેમના નિવાસસ્થાને રાત્રે બે-ત્રણ વાગ્યાના એકાંતમાં અમે ઘણી નિખાલસ વાતા કરી છે જે અમારી વચ્ચે જ રહી છે અને રહેશે. એમને મારા પર એટલો બધો ભરોસો કે અમે બે બેઠા હોઈએ અને તેઓ ફોન પર દેશના મોટા સત્તાધિશો સાથે ખાનગી અને સંવેદનશીલ વાતો પણ બેધડક કરે. અહમદભાઈ સાથેના સંબંધમાં હું પત્રકાર નહીં અને તેઓ રાજકારણી નહીં. ફકત નિર્ભેળ મિત્રતા. કોઈ અંગત સ્વજનના પણ નહીં હોય એટલા એમના અગણિત ઉપકારો મારા પર છે. કોઈપણ અપેક્ષા વગર લખાણમાં કયારેક અકસ્માતે એમના વિશે સારૂં લખાય જાય તો તરત જ ઠપકાનો ફોન આવે. મારા મેગેઝિનમાં એક જ વખત કવર પર બીજા રાજકારણીઓની સાથે સ્ટોરીને અનુરૂપ હોવાથી એમનો પણ ફોટો છાપ્યો હતો તે પણ એમને ગમ્યું નહોતું ! કોઈ દંભ નહીં. પરંતુ પ્રકૃતિ એજ તેઓ 'મીડિયા શાય' હતા. ઝાઝી ડંફાસ કે બૂમબરાડા વગર એમને કામ કરવાનું ગમતું. હું અને મારો પુત્ર પલાશ સાથે એમને મળ્યા હોઈએ તો હસતા હસતા કહે : 'હવે પલાશ મોટો થઈ ગયો છે. મને યંગ જનરેશન સાથે વાતો કરવાની વધુ મઝા આવે છે.' અને ખરેખર મારા કરતાં પલાશ સાથે વધુ વાતો કરે.

દિલ્હીનું એમનું નિવાસસ્થાન એટલે નાના મોટા દરેક માટે આશાનું કેન્દ્ર. કોઈપણ પક્ષ, કોઈપણ કોમ કે કોઈપણ રાજયની વ્યકિત દિલ્હી ગઈ હોય અને તકલીફમાં હોય તો એમના સ્ટાફને સ્ટેન્ડીંગ સૂચનો : આપણે ત્યાં મદદની આશાએ આવેલી કોઈપણ વ્યકિત નિરાશ થઈને જવી જોઈએ નહીં.

મારા થોડા ઉગ્ર સ્વભાવથી પરિચિત. ખૂબ સંભાળ રાખે. કેન્દ્રમાં મુરલી દેવરા જયારે પ્રધાન હતા ત્યારે મારે એમને મળવુ હતું. અહમદભાઈએ મુરલી દેવરાને ફોન જોડયો, કહયું કે વિક્રમ વકીલ ૧૦ મિનિટમાં તમારે ઘરે પહોંચશે. સિકયુરિટીને કહી દેજો એકપણ મિનિટ રાહ જોવડાવ્યા વગર એમને તાત્કાલિક તમારી પાસે લઈ જાય.

કોંગ્રેસ સત્તામાં હોય કે નહીં હોય, બ્યૂરોક્રસી અહમદભાઈને ખુબ જ માન આપે. અહમદભાઈ માટે તમામ સરકારી બાબુઓને ખુબ પ્રેમ. કોઈની પણ સરકાર હોય, અહમદભાઈનું કામ કરી આપવામાં બધાને ખુબ ખુશી થાય.

પોતે કોઈના માટે કંઈ પણ કર્યું હોય તો એનો કોઈ ભાર રાખે નહીં. હંમેશા મનના ખુલ્લા. એમના સ્ટાફને પણ એવાજ સંસ્કાર આપેલા. સ્વાભાવિક છે કે યુપીએ સરકાર સત્તામાં હતી ત્યારે અહમદભાઈ દેશના બીજા નંબરના સૌથી વધુ શકિતશાળી વ્યકિત ગણાતા. ખૂબ જ બિઝી હોય. કોંગ્રેસના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રિય મંત્રીઓ પણ અહમદભાઈની એપોઈન્ટમેન્ટ મેળવવા લાઈનમાં હોય. આમ છતાં એમની લાગણીને કારણે મને કદી એવો અનુભવ થયો નહોતો કે એમણે મળવાનું ટાળ્યું હોય.

એક વખત મોડી રાતની મુલાકાત વખતે તેઓ થોડા વ્યગ્ર લાગ્યા કહયું કે : "આ બધુ છોડીને હવે ગામ જઈને ખેતી કરવી છે. રાજકારણ ખુબ ગંદુ થઈ ગયું છે." ફકત કોંગ્રેસ પ્રત્યેના પ્રેમ અને ગાંધી કુટુંબ પ્રત્યેની વફાદારીને કારણે જ તેઓ રાજકારણમાં સક્રિય રહયા હતા. તેઓ ઈચ્છતે તો યુપીએ સરકરમાં કોઈપણ ખાતાના કેન્દ્રિય પ્રધાન બની શકયા હોત. ઈવન રાષ્ટ્રપતિ પણ બની શકયા હોત. એમણે કદી 'ખુરશી' નો મોહ રાખ્યો નહોતો. એમના ત્યાગની ભાવનાશાળી વ્યકિત મેં બીજી કોઈ જોઈ નથી.

આપણે ત્યાં કોર્પોરેટર બન્યા પછી પણ વ્યકિત મોંઘી ગાડીઓ અને વિશાળ બંગલામાં રહેતી થઈ જાય છે. અહમદભાઈએ જીંદગીભર એમ્બેસેડરથી વધુ મોંઘી ગાડી કે ટાઈટનની સામાન્ય ઘડિયાળથી વધુ મોંઘી ઘડિયાળ કદી વાપર્યા નથી. દિલ્હીથી પિરામણ ગામ આવવાનું હોય ત્યારે પણ ટ્રેનનો પ્રવાસ જ પ્રિફેર કરે. એમના જેટલી સત્તા હોય તો બીજા ચાર્ટર્ડ પ્લેન સિવાય ફરે નહીં. ભલભલા મુખ્યમંત્રીઓ અને કેન્દ્રિય પ્રધાનોને એમના વેઈટીંગ રૂમમાં મિંદડીની જેમ બેઠેલા જોયા છે. આટલા શકિતશાળી, છતાં સાદાઈ અને વિનમ્રતામાં કોઈ સાચા યોગી પુરૂષ જેવા અહમદભાઈની ન પૂરી શકાય એવી અંગત ખોટ મને તો પડી જ છે.

**વિક્રમ વકીલ**





# अलविदा अहमद

कांग्रेस अध्यक्ष सोनिया गांधी की अहमद पटेल को भावुक श्रद्धांजलि

मेरे लिए यकीन कर पाना मुश्किल है कि अहमद पटेल नहीं रहे। चार दशकों तक वह गुजरात और राष्ट्रीय स्तर पर भारतीय राष्ट्रीय कांग्रेस का अभिन्न हिस्सा थे। राजनीति में उनका प्रवेश इंदिरा गांधी की प्रेरणा से हुआ और राजीव गांधीने उन्हें बडी भूमिका सौंपी। मैं खुद जबसे कांग्रेस अध्यक्ष बनी, एक भरोसेमंद साथी के तौर पर वह हंमेशा मेरे साथ खडे रहे। वह ऐसे इंसान थे जिनसे मैं कभी भी सलाह ले सकती थी। किसी भी स्थिति में उन पर भरोसा कर सकती थी। वह हंमेशा पार्टी के हित की बात करते। उन्हें समस्याओं को हल करनेवाला, संकटमोचक कहा जाता था। वह वास्तव में ऐसे ही थे बल्कि इससे भी कहीं अधिक अहम। वह आत्मविश्वास से भरी शख्सियत थे ओर उनकी सलाह हमारे लिए नीति-निर्देशक की तरह होती थीं। इन्हीं कारणों से उनका असमय जाना हमारे लिए अपार दुःख का विषय है।

मैं उन्हें ''अहमद'' कहकर पुकारती थी। बडे दयालु इंसान थे। दबाव के क्षणों में भी एकदम शांत चित्त और संयत रहते। कांग्रेस अध्यक्ष और संयुकत प्रगतिशील गठबंधन (यूपीए) की चेयरपर्सन के तौर पर मेरी भूमिकाओं में वह मेरी ताकात बने रहे। किसी भी जरुरी समय पर उन तक पहुंच पाने का भरोसा न केवल आम कांग्रेस कार्यकर्ताओं बल्कि दूसरी पार्टी के नेत्ताओं को भी था। उनकी दोस्ती और प्रभाव का दायरा बेहद व्यापक था और मैं निजी तौर पर जानती हूं कि कैसे दूसरे दलों के नेता उन पर यकीन करते थे, उनके साथ रिश्तों को कितनी अहमियत देते थे।

अहमद बुनियादी तौर पर एक सांगठनिक व्यकित थे। कांग्रेस के सत्ता में रहने के दौरान भी उनकी रुचि संगठन में ही रही। सरकारी दफतर, पद-ओहदा, प्रचार में उनकी कोई रुचि नहीं थी और न ही उन्होंने सार्वजनिक पहचान या प्रशंसा की कभी अपेक्षा की। लोगों की नजरों, सुर्खियों से दूर चुपचाप लेकिन बडी कुशलता के साथ अपना काम करते रहते। शायदा काम करने के उनके तरीके ने उनकी अहमियत और उनके प्रभाव को और बढा दिया था।

राजनीति से जुडे लोग आमतौर पर चाहते है कि लोग उनहें देखें, सुनें। लेकिन अहमद उन चंद विरले लोगों में थे जो पृष्ठभूमि में रहते हुए किसी और को श्रेय लेते देखना पसंद करते। बडे आस्थावान और पूरी तरह राजनीतिक गतिविधियों में रहने के बाद भी विशुद्ध रुप से एक पारिवारिक व्यकित थे। फिर भी पार्टी और उसके हितों के लिए पूरी तरह समर्पित। अपनी पहुंच का कभी कोई फायदा नहीं उटाया।

संवैधानिक मूल्यों और देश की धर्मनिरपेक्ष विरासत में उनका अटूट विश्वास था। अहमद हमें छोडकर जा चुके हैं, लेकिन उनकी यादें हमारे साथ हैं। जब भी कांग्रेस का १९८० से बाद का इतिहास लिखा जाएगा, उनका नाम ऐसे व्यकित के रुप में याद किया जाएगा जो पार्टी की तमाम उपलब्धियों के केन्द्र में रहा। हममें से हर को कभी न कभी जाना है लेकिन समयने अहमद को बडी फ्रुरता के साथ ऐसे समय छीन लिया जब उनकी सबसे ज्यादा जरुरत थी।

कांग्रेस को उनकी जरुरत थी। भारतीय राजनीति और सार्वजनिक जीवन को उनकी जरुरत थी। हमें उनकी जरुरत थी।

**सोनिया गांधी**
कांग्रेस अध्यक्ष





**The Philanthropist donors and the well wishers of The Suratee Sunni Vohra Muslim Education Society from all the places of the world also heard the sad news of death of Marhum Ahmedbhai Patel. All of them gives their condolence through various medium all of them pray to almighty Allah to give highest place in "Jannat-ul-Firdus" to Marhum Ahmedbhai Patel (Ameen Ya Rabbal Alameen)**

| | |
|---|---|
| MR. SAJID YUSUF PANCHBHAYA SB. | CANADA |
| MR. AIYUBBHAI PANCHBHAYA SB. | CANADA |
| MR. SAEEDBHAI BODHANIA SB. | CANADA |
| MR. EDRISHBHAI BHAYAT SB. | CANADA |
| MR. ZIYAUDDIN MUSA HANSLOD SB. | CANADA |
| MR. A.KHALIK (BABU) PATEL SB. | CANADA |
| MR. SABBIRBHAI MEHTA SB. | CANADA |
| MR. SOYABBHAI GHARIYA SB. | CANADA |
| MR. SABBIRBHAI MOTALA SB. | CANADA |
| MR. MOHMEDBHAI VADIA SB. & FRIENDS | CANADA |
| MR. ALI AZAM ESMAIL SB. | U.K. |
| MR. SULEMANBHAI DADABHOY SB. | U.K. |
| MR. ARSAD GULAM SIDAT SB. | U.K. |
| MR. MOHMEDBHAI BHAIYAT SB. | U.K. |
| MR. AZIZBHAI UNIA SB. | U.K. |
| MR. ANISH BHAI ATCHHA SB. | U.K. |
| MR. ALLI YUSUF TILLY SB. | U.K. |
| MR. RASHID SULEMAN OOMERJEE SB. | U.S.A. |
| MR. HASHIMBHAI BOBAT SB. | GERMANY |
| MR. YUSUFBHAI LIMBADA SB. & BROTHERS | AUSTRALIA |
| MR. MOHAMMED PATEL SB. | U.S.A. |
| MR. YAKUBBHAI PATEL SB. | U.K. |
| MR. YAKUBBHAI KARA SB. | U.K. |
| MAULANA ILYAS DESAI SB. | U.K. |
| MR. YUSUFBHAI BADAT SB. | U.K. |
| MR. AKBARBHAI BADAT SB. | U.K. |
| MR. ABDUL KADAR LALA SB. | U.S.A. |
| MR. BABU M.S. PATEL SB. | CANADA |
| MR. MUSABHAI BHAIMIA SB. | INDIA |



















**સફર મેં એસે કંઈ મરહલે ભી આતે હૈ, હર એક મોડ પે કુછ લોગ છૂટ જાતે હૈ**

























*" मैं जिंदगी का साथ निभाता चला गया*
*हर फिक्र को धुएँ में उडाता चला गया "*









W.RLY.MAZDOOR SANGH
NFIR & INTUC













TABH LIVE


















रक्तदान
संजय गांधी
स्थान:




https://www.facebook.com/fansofahmedpatel




















જમીન વિહોણા મજૂરો અને
ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર
હળપતિ આવાસોની

# " कर चले हम फिदा जान-ओ-तन साथियों
# अबु तुम्हारे हवाले वतन साथियों "

















GULF NEWS

# Why Ahmed Patel's exit is a big political development in India

Known as the back room boy of the Congress, Ahmed Bhai personified the party's culture

Published: December 02, 2020 10:39

Sheela Bhatt, Special to Gulf News




Ahmed Patel with Sonia Gandhi
Image Credit: PTI


A lot has been written in the Indian media about Ahmed Patel, powerful Congress leader, who died on November 25 due to complications arising from Covid-19.

No other Congressman has won and retained the extent of trust of the Gandhi family as much as and as long as Ahmed bhai. He died when his party is not in power but still, his death got wide coverage and most of the obituaries acknowledged that being the political secretary of Congress president Sonia Gandhi, he was in the thick of the Congress's convoluted politics. After his death the first thing that occurred to many in Delhi was that he was buried with all the Congress party's secrets.

Ahmed bhai had few peculiar traits which made him so important in Congress's scheme of things. The most important of his traits that any wannabe politician should know is that he kept hundreds of his relationships in different silos.

So staunchly separated were his political relationships that Mamata Banerjee would never know how close he was with her rivals in the Left parties (in West Bengal) and Mulayam Singh Yadav would never know how well-versed Amhed bhai was with his problems of the court cases and the family issues. People would have general ideas about the politics played by Ahmed bhai but nothing in specific.

The extent of political closeness and degree of personal intimacy Ahmed bhai enjoyed with politicians and bureaucrats, the legal world, the media barons and rich and powerful industrialists were never revealed. This trait to maintain secrecy gave him valuable strategic space to manoeuvre in time of crisis and to the surprise of his rivals, many times he could swing the result. He never took a hard stand on anything and that also played a big part in his success and his failures.



He was the spin-master of the Congress's events who can be compared to Arun Jaitley but Jaitley never enjoyed the level of actual power within his party that Ahmed bhai had. His politics was about keeping space to manipulate by speaking as less as possible and creating avenues for exit open at all times. He responded mostly to people in three ways. Yes. No. May be.

Second, his biggest characteristic as a politician was that he was a Gujarati with the community's intrinsic qualities. Patel, who belonged to Ghanchi Muslim community, understood the Gujarati society's reverence for Laxmi, the deity of wealth. When a politician understands and accepts the centrality of the money behind the power play in society, lots of issues fall in place. Ahmed bhai was a successful treasurer of his party because coming from Gujarat he understood the functional character of money in Delhi.

Known as the back room boy of the Congress, Ahmed Patel personified the party's culture. He took the middle road if and when need arose. This trait to continue with the status quo was the basic reason he could walk so long and so close behind Sonia Gandhi. Her politics was also to keep the status quo in the party and continue the grip on power.

**The praetorian guard**

In fact, Rahul Gandhi and Ahmed bhai could never be on the same page in running the party because of the same reason. Rahul Gandhi lives in an unreal world, dreaming things that could not necessarily help him win power. Ahmed bhai was soaked in realpolitik due to his relationships with the ugly and the beautiful of India's political world. He reached out to everyone in the cross sections of society. He knew what's on in the dirty and ugly world and in that capacity he had a big role to play for his party and more for Sonia Gandhi.

Rahul Gandhi, most probably, disliked the Gujarati-flavoured Patel-ian influence on his mother. Ahmed bhai had influence over the decision-making processes in 10, Janpath for sure. As recently as in December 2018, when Rajesthan results came in and Congress was set to form the government, Sonia favoured the views of Patel over Rahul. Rahul Gandhi never wanted Ashok Gehlot to be chief minister but Ahmed bhai's political logic triumphed over Rahul.

In the CWC meet, that was conveyed to mourn the death of Ahmed bhai and Assam's tallest Congress leader Tarun Gogoi, Sonia Gandhi was in tears while speaking about her confidante Patel. People present there could see how devastated she was by Ahmed bhai's sudden death. As Harish Khare, senior editor wrote, "Ahmed bhai was a needle-threader extraordinaire. He made the Congress system work for Sonia, and vice versa."

**A host of friends**

When Ahmed bhai was in Metro Hospital in Faridabad, Prime Minister Narendra Modi called twice to inquire about his health. He offered all help and even gave a telephone number of Sanjay Bhavsar to connect quickly to him in case of emergency. Home minister Amit Shah had called, too, to offer any help Ahmed bhai wanted. When Patel was subsequently shifted to Medanta hospital, Maharashtra Chief Minister Uddhav Thackeray called Dr. Naresh Trehan of Medanta twice asking about Ahmed bhai. Friends, those not-so-friendly, adversaries and enemies all could connect to Ahmed bhai.

Why? Primarily because he was the predictable factor of the Congress. The sounding board who made Congress, even when in mess, look like a coherent entity. For all the opposition leaders and adversaries of Congress, Ahmed Patel was one-stop information kiosk. Its anybody's guess now that without the presence of the one-man-institution — who was a ready reckoner of Sonia Gandhi's era in Indian politics — the status quo of the Congress is broken. Patel's exit is a big political development.

The predicament of the analysts in Delhi is to know if the new Congress would take birth or the collapse of the Congress would be accelerated but that cant be predicted without Ahmed bhai! Modi and Shah, Thackeray and Sharad Pawar would be closely waiting and watching which unchartered trajectory Sonia Gandhi's children would take the Congress party to.

Sheela Bhatt is a senior Indian journalist. She is based in New Delhi





DAILY FROM: AHMEDABAD, CHANDIGARH, DELHI, JAIPUR, KOLKATA, LUCKNOW, MUMBAI, NAGPUR, PUNE, VADODARA

The Indian EXPRESS

JOURNALISM OF COURAGE

SINCE 1932

THURSDAY, NOVEMBER 26, 2020, NEW DELHI, LATE CITY, 20 PAGES

₹6.00 (₹8 BIHAR & RAIPUR, ₹12 SRINAGAR) WWW.INDIANEXPRESS.COM



Cong leaders at Vadodara airport to receive Ahmed Patel's body. He will be buried at his village Piraman. *Bhupendra Rana*

# Cong loses chief crisis manager, Gandhis their pillar in the backroom

**COOMI KAPOOR**
NEW DELHI, NOVEMBER 25

